॥ ॐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥

# ॥ વેદ રહસ્ય ॥




## શ્રી માધવાનંદ આશ્રમ

જગજીતપુર દક્ષેશ્વર રોડ, કનખલ, હરદ્વાર.
ફોન નં.: ૦૧૩૩૪-૨૪૬૬૭૫, મો. ૦૯૪૧૧૫ ૦૧૬૮૨

વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ ફાગણ, માર્ચ - ૨૦૧૫, અંક - ૩




**શ્રી માધવગુરૂકુળ વિદ્યાનગર વાર્ષિક સમારોહ** તા. ૨૯-૪-૧૯૯૮, બુધવાર
પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવાયો હતો.

## સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગર વેદાન્તાચાર્ય
વર્ષઃ ૩૭ / માર્ચ-૨૦૧૫ / અંક-૩

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | શ્રી શિવમહિમ્નઃ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૯ | તત્ત્વબોધ કથા સત્સંગ સાર <br> રેખાબેન આર. માવાણી (ભાવનગર) |
| ૧૧ | ચતુર કોણ ? <br> મધુબેન ડી. બોઘરા (પીપરીયા) |
| ૧૨ | બાળ કેળવણી <br> લવજીભાઈ કે. સવાણી (નાવડા) |
| ૧૨ | ધર્મ પરાયણ જીવન <br> લતા અરવિંદભાઈ માંગુકિયા (દડવા) |
| ૧૪ | માનવચિંતન <br> વિભુતિ બેન (વડોદરા) |
| ૧૪ | સુવાક્યો <br> બ.શ્રી જયાનંદજી મહારાજ વેદાન્યાચાર્ય |
| ૧૫ | સત્સંગ મહિમા <br> કિંજલબેન બી. ગોપાણી (ચોગઠ) |
| ૧૬ | ભજન <br> વચનબેન બી. ભરોડિયા (પાલડી) |
| ૧૭ | શ્રીમદ્ ભાગવત.. <br> પટેલ દેવીકાબેન જે. (ઓઝરાળા) |
| ૧૯ | નિઃશ્રેયસ પ્રાપ્તિ <br> બ્ર.શ્રી. જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્ય |
| ૨૦ | આત્માનો અનુભવ <br> ભગવાનદાસ |
| ૨૧ | ભાવ કિર્તન <br> નરશીભાઈ વી. વઘાસિયા (પીપળીયા) |
| ૨૨ | સત્સંગ કાર્યક્રમ <br> સંકલિત |


જય સચ્ચિદાનંદ

ૐ

## આત્મષટક સ્ત્રોતમ્

**ન ચ પ્રાણ સંજ્ઞો ન પંચાનિલામે**
**ન વા સપ્તધાર્તુન વા પંચકોશઃ,**
**ન વાક્પાણિ પાદૌ ન ચોપસ્થ પાયુઃ**
**ચિદાનંદરૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્ ।।૨।।**

### શ્લોકાર્થ

પ્રાણાદિ પાંચે વાયુ હું નથી. પાંચ વાયુ મારા નથી. હું જળ નથી હું પાંચ કોષ (અન્નમય આદિ) મારા નથી. સપ્તધાતુ પણ મારા નથી. વાળી, હાથ-પગ, ઉપસ્થ ગુદા એ બધું હું નથી અને તે મારા પણ નથી હું તો ચિદાનંદ સ્વરૂપ શિવ છું હું શિવ છું.

**: માધવ પીઠાધિપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત-૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

**લાગી બ્રહ્મ ખુમારી ન ઊતરે,**
**સુખ મુખે કહ્યું નવ જાય, બ્રહ્મરસ પીજીએ...**
(સ્વામી પ્રિતમદાસજી)

એટલે નચિકેતાએ શ્રદ્ધાથી કહી દીધું કે આ બધા હાથી, ઘોડા, સંસારના ભોગો, સ્વર્ગના ભોગો પણ તમારી પાસે રહે. મારે તો આ જ્ઞાન સિવાય બીજા કોઈની જરૂર નથી. આવી જીજ્ઞાસા કરી એટલે સુંદર તત્ત્વજ્ઞાન આગળ પ્રદાન કરશે આપણે રોજ સાંભળીએ છીએ પણ વારંવાર શું કામ સાંભળવું ? તે સાંભળી લ્યો **आवृतिरसक्रत उपदेशात् बहुधाश्रोतव्यं** વારંવાર શ્રવણ કરવું હજાર વાર શ્રવણ કરવાથી વૃતિ બ્રહ્માકાર જલ્દી બને છે.

**સંત ટાળે ત્રિવિધિના તાપ કે શબ્દે છૂટીએ જી રે**

કે જયારે બંધન છૂટશેને ત્યારે શબ્દથી છૂટશે. શેનાથી છૂટશે ? બોલો ? શબ્દ એટલે જ્ઞાન. કેમ કે અજ્ઞાનથી જીવ બંધાણો છે તો જ્ઞાનથી છૂટશે.

**અજ્ઞાન વડે આ જીવડો બંધાણો,**
**જ્ઞાન વડે મુક્ત થાય રે, ઉત્તર શાણા...**

તો ધ્યાનથી આ ઉપનિષદોને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવા. ઘણી વસ્તુ કઠીન હશે તોય પણ તમને ધીરે ધીરે અભ્યાસ કરશો તો-

**અતિશય રગડ કરે સો કોઈ,**
**અનલ પ્રગટ ચંદન તે હોઈ ॥**

વાલીયા ભીલને રામ રામ બોલતા નો'તું આવડતું તોય રામાયણ રચી દીધી. કેમ કે અભ્યાસ કરેને તો વારંવાર કરતાં કરતાં જ્ઞાની થઈ જાય અતિશય રગડ કરવાથી જેમ ચંદનમાં પણ અગ્નિ પ્રગટ થઈ જાય. એમ સાવ મૂઢ હોયને તો પણ મરા-મરા કરતાં કરતાં શું થઈ જાય ? બોલો -

**ઊલટા નામ જપત જગ જાના,**
**વાલ્મીકી ભયે બ્રહ્મ સમાના...**

તો આપણે પણ ન સમજતા હોય તો ય સમજશું. મહેનત કરશું તો અવશ્ય સમજવામાં આવશે પણ જો પે'લા એમ માની લીધું કે આપણે નથી કરવું ને અઘરું છે કઠીન છે ને આ તો બધા મહાત્મા જ સમજી શકે ને આપણે તો ઘરબારી કહેવાય અને ઘણા કહે કે બહેનોને તો આવડે જ નહીં. એમ જ લોકો શીખવાડયા કરે. બહેનો તો હાલરડા કરે આ કરે ને એથી કંઈ બીજું ન આવડે. બહુ બહુ તો થાળ ધરો ને પ્રસાદ ખાવ પછી એથી વધારે કંઈ આપડાથી થાય નહીં એમ માનીને જે બેસી જાય એ કોઈ દિ' આગળ મહાન ઊંચી સ્થિતિએ પહોંચી શકતા નથી. એટલે જીવનને ઉન્નત કરવા માટે ભગવાનનું નામ-સ્મરણ કરવું, કિર્તન ય કરવુ, દાન-પરોપકાર કરવા પણ ધીરે ધીરે સમજવા પણ મહેનત કરવી કેમ કે દાન પરોપકાર શું કામ કરવા ? કે સંતોની પાસે શું કામ જવું ? કે સમજવા જવું. જો નહિ સમજો ને એકલું કરીને વઈ જશો તો અડધું મળશે ને અડધું બાકી રહી જશે. ઘણાં શું કરે ? મહાત્માને જમાડવા, હાર પેરાવવા આવે ખરા, પણ કથા સાંભળવા ન આવે, ઘણા કહે અમે દર્શન કરવા પગે લાગવા આવીએ. પણ પગે શું કામ લાગવાનું ? કે ત્યાં નમ્યા તો એનું જ્ઞાન પણ ગમવું જોઈએ. નમવું એટલે લેવા માટે નમ્યા. તો જ્ઞાન મળે નકર ન મળે. પણ નમ્યા અને એમ નામ ખાલી ખાલી વય ગયો તો શું ફાયદો ? ઘણાં જેમ મંદિરે દર્શન કરવા

જાયને તો મહારાજના દર્શન કરીને હાલતા થાય. પણ દર્શન માટે નહીં પણ એમ કહેવું જોઈએ કે અમારા જીવનની બે વાત અમને સમજાવો. જો બે વાત સાંભળવા તૈયાર થાયને તો અંતરની આંખો ખુલી જાય.

**ગુરૂ મારા અંતરની આંખ ઉઘાડો રે,**
**છતી આંખે છે રે અંધાપો,**
**સુજતો નથી રે કિનારો રે, ગુરૂ મારા....**

તો અત્યાર સુધી ભુમીકાઓ થઈ. હવે તત્ત્વજ્ઞાન આગળ બતાવશે એ ઘણું અઘરું પણ હશે ને સારું પણ હશે એટલે સાવધાન થઈ શ્રદ્ધાપૂર્વક પ્રેમથી એને શ્રવણ કરવું, ભગવાન સદ્‌બુદ્ધિ, સદ્‌શક્તિ, સારી ભક્તિ પરમાનંદની પ્રાપ્તિ કરાવે એવી ભગવાનને પ્રાર્થના કરીએ કે-

**સર્વેત્ર સુખીનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ,**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્દુઃખ ભાગ્ભવેત્.**
**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

પ્રિય સજ્જનો **'વેદોઽખિલો ધર્મમૂલમ્'** વેદ એ ધર્મનું મૂળ છે. વેદથી જ પરમાત્માની ઓળખાણ થાય છે. **'તં ત્વા ઔપનિષદં પુરુષં પૃચ્છામિ ।'** (બૃહ.શ્રુતિ-૩,૯,૨૬) ઉપનિષદોથી જે પરમાત્મા ઓળખાય છે એ પરમાત્મા જ પૂર્ણ અખંડ બ્રહ્મરૂપ છે. આ આપણે કઠોપનિષદ્ શ્રવણ કરી રહ્યા છીએ. કઠોપનિષદ્‌ની મૂળભૂત કથા એ છે કે વાજશ્રવા નામના કોઈ એક ઋષિએ સર્વસ્વ દાન દેવાવાળો યજ્ઞ કર્યો. પછી એને પુત્રમાં મોહ થવાથી સારી સારી ગાયો પુત્રને આપી અને જે નબળી ગાયો હતી તે દાનમાં દેવા લાગ્યા ત્યારે એના પુત્રને મનમાં થયું કે જો પિતાજી આવી નબળી ગાયો દાનમાં દેશે તો નરકમાં જશે એટલે પુત્રનો ધર્મ છે કે પિતાને નરકમાંથી બચાવવા એટલા માટે નચિકેતાએ શ્રદ્ધા હૃદયમાં ધારણ કરી કહ્યું કે, હે પિતાજી ! હું તમારું ધન છું તો તમે મને કોને દાનમાં આપશો ? એકવાર, બેવાર, ત્રણવાર કહ્યું ત્યારે વાજશ્રવા ઋષિએ કહ્યું, **'મૃત્યવે ત્વા દદામિ'** કે હું તને મૃત્યુને આપું છું. કીધા પછી પણ એને દેવાની ઈચ્છા ન થઈ એટલે નચિકેતાએ કહ્યું કે, 'હે પિતાજી ! તમારા વચનનું પાલન કરો.'

**રઘુકુળ રીતિ સદા ચલી આયી,**
**પ્રાણ જાય ઓર વચન ન જાયી.**

ઋષિઓ, મહર્ષિઓનો સ્વભાવ એવો છે કે પ્રાણ ભલે વયા જાય પણ વાણી બદલે નહીં. બોલેલું જે ફરે નહીં એ વિશ્વાસને પાત્ર બને છે. વિશ્વાસથી પ્રેમ ઉત્પન્ન થાય છે. પ્રેમથી સુખ ઉત્પન્ન થાય છે એટલે ઘરમાં બધાએ સાચું બોલવું જોઈએ જેટલું સાચું બોલશો એટલો પરસ્પરનો પ્રેમ વધશે અને પ્રેમ વધવાથી સુખ વધશે. આજકાલ ઘરમાં એકબીજાને સુખ નથી હોતું એનું કારણ કે માણસ ખોટું બોલી નાખે, ખોટું બોલી નાખે એટલે એકબીજાનો વિશ્વાસ તૂટી જાય. પ્રેમ તૂટી જાય. વિશ્વાસ તુટી જવાથી, પ્રેમ તૂટી જવાથી ઘરમાં સુખ રે'તું નથી. એટલે ગુરુ-શિષ્યમાં હોય, પતિ-પત્નીમાં હોય કે ભાઈઓ-ભાઈઓમાં હોય કે રાજા-પ્રજામાં હોય કે ભગવાનનો ભક્તનો હોય જો માણસ બોલેલું સાચું પાલન કરે તો એકબીજાનો વિશ્વાસ વધે, વિશ્વાસથી પ્રેમ વધે અને પ્રેમથી આનંદ વધે એટલે જો સુખી થવું હોય અને સુખી બીજાને કરવા હોય તો બધાએ સત્યનું પાલન કરવું જોઈએ. આ રીતે કરવાથી પૂર્વે પાછળના લોકોને જોઈને આપણાં જીવનને સુધારવું જોઈએ. પૂર્વ પરંપરાને પાળવી જોઈએ. તો આગળની પ્રજા પણ સારું કરે, પાછળ આવવાવાળી પ્રજા પણ સારું કરે. એટલા માટે પણ આપણે સારું કરવું જોઈએ. બંનેને લક્ષમાં રાખીને મનુષ્યે જીવવું જોઈએ. પોતાનું તાત્કાલીક જીવન એકલાનું ન જોવું જોઈએ. મારે તો હવે કાંઈ વાંધો નથી મને તો કોઈ શું કરવાનું ? પણ વ્યક્તિગત તમને ગમે તે થાય, પણ સમાજ બગડે તે આપણને એક ભાર છે. એટલે સમાજને માટે પણ જીવન જીવવાની તૈયારી હોવી જોઈએ કે પોતાનું એકલાનું સમજીને જે જીવે છે એ પશુ સમાન કહેવાય છે. સર્વનું જોઈને જીવન જીવે એ મહર્ષિઓ, રાજા-મહારાજા સમાન કહેવાય છે. એટલા માટે આ પુત્રે જયારે કહ્યું ત્યારે પિતાએ એને જવાની આજ્ઞા આપી. નચિકેતા સશરીર યમરાજાને ત્યાં ગયા. યમરાજા બહાર ગયેલા હોવાથી ત્રણ દિવસ સુધી વગર ભોજને ત્યાં નિવાસ કર્યો. જયારે યમરાજા આવ્યા ત્યારે એમના ઘરનાએ કહ્યું કે, તમે અતિથિ બ્રાહ્મણ છે તેથી મહાન વૈશ્વાનર સમાન છે. અતિથિ આપણે માટે સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે. તમે એનું સ્વાગત કરો. યમરાજાએ જઈને એના સ્વાગત માટે કહ્યું, તમે ત્રણ દિવસ મારે ઘરે ભૂખ્યા રહ્યા તો હું તમને ત્રણ વરદાન આપું છું તમે ત્રણ વરદાન માંગો. ત્યારે નચિકેતાએ પ્રથમ વરદાનમાં પોતાના પિતાની શાંતિ થાય એમ માંગ્યું બીજા વરદાનની અંદર સ્વર્ગની અંદર અગ્નિનું જ્ઞાન માંગ્યુ સ્વર્ગની અંદર જવા માટેના સાધનો સમજયા. ત્રીજા વરદાનની અંદર આત્મજ્ઞાનનો પ્રશ્ન ચાલે છે એ ધ્યાનથી સાંભળો. નચિકેતાએ પૂછયું કે

આ શરીર છૂટયા પછી શરીરથી અતિરિક્ત કોઈ તત્ત્વ રહે છે કે નથી રે'તું. કોઈ એમ માને છે કે આત્મા રે' છે કોઈ એમ માને છે કે પછી કંઈ છે જ નહીં. અહીં જ ખાઈ-પીને મજા કરો મર્યા પછી કંઈ છે જ નહીં. તો બેમાંથી શું સાચું છે ? જયારે યમરાજાએ એની પરીક્ષા કરવા માટે કહ્યું, આ વિષય બહું અઘરો છે સમજવો ઘણો કઠિન છે. દેવતાઓએ સમજવા માટે મહેનત કરી છે પણ દેવતાઓ પણ સમજી શકયા નથી એટલે તું પણ આ સમજવાનું છોડી દે ને હું તને રાજ આપું, ભોગ આપું, અનેક પ્રકારના વૈભવો આપું, લાંબુ આયુષ્ય આપું એ તું માંગીને આ તારું વરદાન પુરું કર. તું આત્મજ્ઞાન લેવાનું છોડી દે. એમ જયારે એણે (યમરાજાએ) કહ્યું ત્યારે નચિકેતાએ કાલના પ્રસંગમાં બતાવ્યું કે આ બધા ભોગો છે એ-

**श्वोभावा मर्त्यस्य यदन्तकैत-**
**त्सर्वेन्द्रियाणां जरयन्ति तेजः।**
**अपि सर्वं जीवितमल्पमेव**
**तवैव वाहास्तव नृत्यगीते ॥ २६ ॥**

॥ १-१-२६ ॥

નચિકેતા યમરાજાને કહે છે કે તમે મને જે ભોગો દેવાનું કહો છો એ ભોગો 'સ્વ અભાવા' કાલ અભાવ થઈ જવા વાળા છે. એટલે ભોગો કોઈ અમર નથી. સમજાણું ? બોલો ? એ ગમે ત્યારે નાશ થઈ જાય. બહુ મોટો સુંદર બંગલો બનાવ્યો હોય પણ ભૂકંપ થાયને તો મોટો બંગલો હોય ને તોય નાશ થઈ જાય. હૃષ્ટ-પૃષ્ટ ગમે તેટલું શરીર હોયને તોય એક્સીડન્ટ થાયને ભગવાનના ધામમાં પહોંચી જાય. એટલા માટે તમામ પ્રકારના વૈભવો છે એ વિજળીના ચમકારા જેવા છે **વિદ્યુત ચલં કિં ધનયૌવનાયુ** ધન યૌવનને આયુષ્ય એ વિજળીના ચમકારા જેવું છે.

**ધન યૌવન યો જાયેગા કી જૈસે ઉડત કપુર**
**રે મન મુરખ પ્રભુ ભજ, ક્યોં ચાટત જગ ધૂલ.**

એટલે નચિકેતા કહે છે કે, હે યમરાજા ! આ બધા ભોગો શ્વોભાવા. તો યમરાજા કહે છે કે નહીં હું તને એવું વરદાન આપું જે ઝાઝો ટાઈમ રહે. તો નચિકેતા બીજી યુક્તિ બતાવે છે કે **'सर्वेन्द्रियाणां जरयन्ति तेजः।'** કે આ બધા ભોગો તો ઈન્દ્રિયોનું તેજ ઓછું કરવાવાળા છે. ઝાઝું જોવો તો આંખ બગડે, ઝાઝું ખાવ તો પેટ બગડે, ઝાઝું ભોગવો તો ટી.બી. થાય. અનેક પ્રકારના રોગ ઊભા થાય. **'भोगे रोग भयं।'** ભોગ તો જીવને રોગ દેવાવાળા છે એ કંઈ અમર બનાવતા નથી. શાશ્વત સુખ પ્રદાન કરતાં નથી અને વધારે ને વધારે જો વાસના એની રહી જાય તો જન્મ-મરણનો રોગ પણ એનાથી ઊભો થાય. એટલા માટે આ બધા ભોગો મારે નથી જો'તા અને તમે જે લાંબુ જીવન કહો છો ને તે ભલે તમને લાંબુ લાગે પણ બ્રહ્માની સામે એ જીવન ટુંકું જ છે. એટલા માટે મારે આ ભોગો જો'તા નથી. હાથી, ઘોડા, રાજપાટ જે કંઈ દેતા હોય એ બધું તમારી પાસે ભલે રહે પણ મને તો આત્મજ્ઞાન આપો. એવી એણે માંગણી કરી. એટલા માટે એણે કહ્યું કે -

**किं च - (इसके सिवा)**
**न वित्तेन तर्पणीयो मनुष्यो**
**लप्स्यामहे वित्तमद्राक्ष्म चेत्त्वा।**
**जीविष्यामो यावदीशिष्यसि त्वं**
**वरस्तु मे वरणीयः स एव ॥ २७ ॥**

॥ १-१-२७ ॥

હવે, નચિકેતા કહે છે કે, **'न वित्तेन तर्पणीयो मनुष्यो'** કે વિત્તથી ધનથી કોઈ મનુષ્યો પરમ સુખી થતા નથી ધ્યાનથી યાદ રાખો અત્યાર સુધી ધનથી કોઈ પરમ સુખી થયા નથી, અત્યારે ધનવાન છે એમાં કોઈ પરમ સુખી છે નહીં અને આગળ ધનથી કોઈ પરમ સુખી થવાના પણ નથી. તો પેલા નો'તા તો હવે થશે ! તો કે' હવે અત્યારે પણ નથી. અત્યારે જેટલા ઝાઝા પૈસાવાળા છે એને પૂછો કેટલી ઊંઘ આવે છે, રાત્રે ? તેને વધારે ચિંતા હોય કેમ કે વધારે સાચવવાની ચિંતા હોય, સરકાર આમ કાયદો કરશે ને લઈ જશે, બીજા લોકો આમ કરશેને લૂંટી જશે, બીજા આમ કરશે ને છોકરો આમ વાપરી નાખશે, ભાઈનો છોકરો આમ ભાગ માંગશે, પેલો આમ માંગશે એમ અનેક પ્રકારની ચિંતાઓથી ભરેલું જીવન જીવે અથવા એમ ચિંતા થયા કરે કે મારી પાછળ કોણ વાપરશે ? હવે, હું એટલું કમાણો પણ છોકરા કમાશે કે નહીં કમાય ? એવી અનેક પ્રકારની ચિંતા થયા કરે એટલે આચાર્ય ભગવાન શ્રી શંકરાચાર્યે લખ્યું છે કે-

**અર્થમનર્થ ભાવયનિત્યં**
**નાસ્તિ તતઃ સુખ લેશઃ સત્યમ્।**
**પુત્રાદપિ ધન ભાજાં ભિતિ**
**સર્વત્રૈષા વિહિતા રીતઃ ॥ ભજગોવિંદમ્...**

તો ધ્યાનથી યાદ રાખજો કે કોઈ એવો અર્થ ન સમજશો કે ધન કમાવું નહીં, ધન ન મેળવશો એવો અર્થ ન સમજવો અને ધનથી જ સુખ છે એવું પણ ન માનશો. ધન મેળવીને ધન દ્વારા ખાઈને ભક્તિ કરીને પરમાત્માની પ્રાપ્તિ કરવી એમ મૂળ કે'વાનો

અભિપ્રાય છે. ધન ન મેળવશો એમ કહેવાનો અભિપ્રાય નથી. પણ એકલા ધનમાં રહી જશો ને ત્યાં ને ત્યાં પડયા રહેશો તો ધન કંઈ તમને અમર કરી દેવાનું નથી. ધન કંઈ સુખ દઈ શકે એમ નથી. ધન સાધન છે. સાધનથી ધીરે ધીરે સાધ્ય તરફ વધવું જોઈએ. એકલા સાધનમાં પડયા રહે. જેમ ટ્રેનમાં બેસી જાય પછી ઘરે જાય નહીં ને ટ્રેનમાં ને ટ્રેનમાં બેસી રહે તો ચક્કર માર્યા કરે. કોઈ દિ' લક્ષમાં પહોંચે નહીં એટલા માટે સંસારના પદાર્થોની બધાની ઉપેક્ષા કરવા માટે નથી કે'તા પણ એનાથી ધીરે ધીરે આગળ વધવું જોઈએ. એમાં ને એમાં બેસી ન રે'વું જોઈએ. એટલે એના ઉપરથી વૈરાગ્ય કરવા માટે અહીં બતાવે છે કે - **न वित्तेन तर्पणीयो मनुष्यो** કે મનુષ્યો વિત્તથી ધનથી કોઈ સુખી તૃપ્ત થઈ શકતું નથી એના દ્વારા પૂર્ણતાની અનુભૂતી થતી નથી એના દ્વારા અખંડ સુખ મળતું નથી. એને સાચવવાની ચિંતા કરવી પડે છે. કેમ કે લૂંટાય જાય છે, ચોરાય જાય છે, બગડી જાય છે, તૂટી જાય છે એટલા માટે એનાથી મનુષ્યે સાવધાન થવું જોઈએ. જો સાવધાન રે'શે તો સુખી થશે નહીંતર બંધનમાં... એટલા માટે ધ્યાનથી, પ્રેમથી સાંભળો. કે આ ધન જે છે એ મારે જો'તું હશે તોય મળશેને આયુષ્ય કહો તો તેય મને મળશે.

નચિકેતા એમ કહે છે કે હવે તમે મને મળ્યા છો ને તે મારી ઉપર જો રાજી છો તો પછી ધન મળવું ને સુખ મળવું અને જીવવું એ તો છે છે ને છે. સમજો, જેને ભગવાન મળેને એને જગતનું બધુ સુખ મળે મળે ને મળે. એમ નચિકેતાનો મૂળ અભિપ્રાય છે. હાથીના પગમાં બધા પગ સમાય જાય જો તમને રાજ મળ્યું તો સંસારના નાના પદાર્થો તો મળવાના જ છે. એમ ભગવાન મળ્યા તો જગતના પદાર્થો ઘરે આવવાના છે છે ને છે. એટલે મારે હવે આ ધન માંગવું ને આયુષ્ય માંગવાની જરૂર નથી. જે નથી મળી શકતું એ લેવું છે. બીજા માણસો જલ્દી એને લઈ શકતા નથી તો દેવતાઓ પણ જે આત્મજ્ઞાન ન મેળવી શક્યા અને દેવતાઓને પણ આત્મજ્ઞાન મેળવવાની ઈચ્છા છે છતાં નથી મેળવી શકતા તો એ તમારી કૃપાથી મને મળે એવું છે અને સરળ ને સ્વભાવ હોય સારું છોડીને મોળું કોણ લે ? સમજાણું ? બોલો ?

**સાકર શેરડીનો સ્વાદ તજીને,**
**કડવો તે લીંબડો ઘોળમાં રે, રાધાકૃષ્ણ...**

કે સાકર શેરડી તજીને કડવો લીંમડો કોણ લેવા જાય ? અમૃતને છોડીને વિષ કોણ પીવા જાય ? પણ મૂઢ હોય એ જાય એમ સમજવું. એટલા માટે કહે હું મૂઢ નથી જે અમરને છોડીને મરવાવાળું લઉં એમ નચિકેતાનો અભિપ્રાય છે. એટલા માટે એણે અજીર્ણ- જે કોઈ દિ' જીર્ણ શીર્ણ ન થાય જે અમર હોય એવા છોડીને જે મરવાવાળા નાશવાળા ભોગો પાછળ કોણ દોડે ? બરોબર ધ્યાનથી યાદ રાખો બે ભાગ છે રોજ વિવેક સાંભળો છો ને વારંવાર તેને સાંભળવાનું છે જેટલો વિવેક પાકો થશે તો તમને આ જ્ઞાન દ્રઢ થશે. ઝાઝો ટાઈમ એમાં ટકી શકશો તો ઝાઝો લાભ એનો થઈ શકશે. એટલા માટે રોજ અભ્યાસ એ કરવો કે, મારે અમર લેવું કે મરવાવાળું લેવું ? ચેતન લેવું કે જડ લેવું ? સુખ રૂપ લેવું કે દુઃખ રૂપ લેવું ? કે સચ્ચિદાનંદ રોજ એટલે બોલવાનું. શું કામ બોલવાનું ? કે રોજ યાદ રાખવાનું કે આપણે સત લેવું કે અસત લેવું ? ચેતન લેવું કે જડ લેવું ? સુખરૂપ લેવું કે દુઃખરૂપ લેવું ? તો ધ્યાનથી યાદ રાખો કે જે સત્ય છે એ જ ચેતન છે ને એ જ આનંદ રૂપ છે. જે સત્ય નથીને એ ચેતન પણ નથી. યાદ રહ્યું ને બોલો ? સત્ય આત્મા છે ને એ જ ચેતન છે ને એ જ આનંદ આનંદનો ભંડાર છે. જે સત્ય નથીને એ અસત્ છે અને અસત છે જડ છે ને જડ છે એટલે દુઃખ દુઃખનો ભંડાર છે. જગતમાં જેટલા દુઃખો છે એ કયા પદાર્થોને લઈને આવ્યા ? એ નક્કી કરો. જડ પદાર્થોની આશાને લઈને જીવો કામી, ક્રોધી, લોભી, મોહી થાય ને પછી મારા-મારી થાય ને ઝઘડા થાય ને વ્યસની થાય. અનેક પ્રકારના શરીરમાં રોગ આવે. અનેક પ્રકારની મારામારી અનેક ઉપાધીઓ અનેક ચિંતાઓ રાત્રે થાય એ બધાનું કારણ છે અનિત્ય પદાર્થો. કયા પદાર્થો ? બોલો. અનિત્ય એટલે નાશવાળા ભોગો એટલે નાશવાળા પદાર્થોને લઈને અનેક દુઃખો છે અનેક ચિંતાઓ છે અનેક મારા- મારીઓ છે. જયારે નિત્ય પરમાત્મામાં સ્થિર થવાવાળાને કામ નય, ક્રોધ નય, લોભ નય, મોહ નય, આશા નય, તૃષ્ણા નય કેમ કે એ તો હંમેશા છે છે ને છે. તો ઘણાં એમ કહે કે લોકો એવું કેમ લેતાં નથી તો એ વિવેક નથી. એની બુદ્ધિમાં સમજાતું નથી. જે પશુઓ હિરા મોતી કેમ લેતા નથી કે પશુઓને હીરા મોતી લેવાની બુદ્ધિ નથી. જેને બુદ્ધિ નય હોય એ આ અમર પદાર્થને નય લઈ શકે અને જો અમરની ઈચ્છા થશે તો તમે પરમાત્મ પરાયણ થઈ જશો. એટલે રોજ એ વિવેક પાકો કરવો કે મારે તો અમર જ લેવું છે. મારે તો અખંડ જ લેવું છે..

**ક્રમશ...**

# શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્

## પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ચાતુર્માસ ૨૦૧૧, સુરત.

**ગતાંકથી ચાલુ....**

ઈત્યાદિ સેંકડો શ્રુતિ વાક્યો કહે છે. પરમાત્મા એક છે. એના જેવો બીજો કોઈ નથી એટલે સંબંધથી પણ એ પ્રત્યક્ષ થઈ શકે નહીં વિડંબણા આ આવી ગઈ એટલે આપણે પરમાત્મા વિશે કાંઈ નક્કી કરી શકતા નથી. જો જાતી, ગુણ, ક્રિયા ને સંબંધ વાળા હોયને તો એમાં કોઈને સંશય ન થાય અને આપણને સંશય એટલા માટે થાય છે અને એટલે જ આપણે આવા પ્રશ્નો કરીએ છીએ અને આ પ્રશ્નો પરમેશ્વરના ઐશ્વર્યમાં કોણ કરે છે ? જેનું ભવિષ્યમાં કલ્યાણ નથી જે જડધિય એટલે જડ ઉપર વિચાર કરવાવાળા અને આ શ્લોકની અંદર એના માટે એક બીજો શબ્દ પ્રયોગ કર્યો. 'હતધિયઃ' ચોથા શ્લોકમાં એવાને જડધિય કહ્યા અને આ પાંચમાં શ્લોકમાં પાછા એના માટે પુષ્પદંતાચાર્યજી કહે છે. 'હતધિયઃ'. હતધિય એટલે 'ધિ' એટલે બુદ્ધિ, જેની બુદ્ધિ હત થઈ ગઈ છે એટલે મારી ગઈ છે. જેની બુદ્ધિ કામ નથી કરતી એવા વ્યક્તિને કહેવામાં આવે છે. 'હતધિય' આવા જે હતધિય છે એ પરમેશ્વરના ઐશ્વર્યમાં સંશય કરે છે. આચાર્ય બાદરાયણે બ્રહ્મસૂત્રમાં કહ્યું કે પરમેશ્વરની સિદ્ધિ માટે એક માત્ર છે આ સંસાર છે એ સાક્ષી છે. આ સંસાર આપણને દેખાય છે ? નક્કી કરો અચ્છા સંસાર છે કે નહીં એમ પૂછે તો તમે શું કહેશો ? સંસાર છે કારણ કે બંધાયેલા છીએ દુઃખી છીએ એટલે નથી એવું થોડું કહી શકાય ! એટલે પેલા 'છે' એ વાત નક્કી આપણે બધા બંધાણેલા છીએ એ વાત નક્કી એટલે સંસાર બન્યો એ વાત નક્કી. તો જે વસ્તુ બનેલી હોયને એનો કોઈ બનાવવા વાળો અવશ્ય હોય હોય ને હોય. જે વસ્તુ કાર્ય હોયને એનુ કારણ અવશ્ય હોય હોય ને હોય.

એ તમે કોઈપણ વ્યવહારિક દ્રષ્ટાંતથી સિદ્ધ કરી શકો. જે વસ્તુ બનેલી હોય એનો બનાવવાવાળો હોય જ તે ભલે એ નજરે ન દેખાય પણ હોય એ માનવું પડે. હવે, ઘરે પાણિયારા ઉપર જે ઘડો છે. એ ઘડો છે એ જડ છે પણ એ જે ગોળ બનેલો છે એની અંદર પાણી ભરી શકાય છે એટલે એ ઘડો એ વાતને હંમેશા સિદ્ધ કરતો રહે છે કે કુંભાર છે. કુંભાર વગર બની શકે ? ભલે, કોઈ બીજી જાતિનાએ બનાવ્યો હશે પણ, એના બનાવવાવાળાને કુંભાર કહેવામાં આવે છે પણ એ કુંભારની સિદ્ધિ કરે છે એ ઘડો. માનવું પડે કે નહીં ? કે કુંભાર અવશ્ય છે. હવે એ કેવો છે ? અત્યારે એ જીવે છે કે નહીં ? યુવાન છે ? વૃદ્ધ છે ? એ બધા પ્રશ્નો અનુત્તર રીતે રહે એનો ઉત્તર ન મળે કદાચ તમને હશે, તો એ કેવો હશે ? ક્યાં રહેતો હશે ? એનો ચહેરો કેવો હશે ? એ ગોરો હશે કે કાળો હશે ? એ પ્રશ્નોના ઉત્તર ન મળે પણ કુંભાર છે એટલો જ ઉત્તર મળે. એ ઘડો તમને બતાવી શકે કે કુંભાર છે. બસ, એ જ રીતે આ જે સંસાર છે એ તો આપણે માનવું પડશે ને. તો એ સંસાર છે એટલે એનો બનાવવાવાળો પણ છે.

હવે, એ કેવો છે ? એ આપણે એને નજરે જોઈ શકીએ નહીં. જેમ પેલા કુંભારની જાતિ કુંભારનો જે રંગ એની જે આયુ એ કયા ગામમાં રહે છે ? એનો સ્વભાવ કેવો છે ? એ જેમ આપણે નજરે નથી જોઈ શકતા પણ કુંભારનું અસ્તિત્વ એનાથી સિદ્ધ થાય છે. એમ આ સંસાર છે એ પરમાત્માને સિદ્ધ કરે છે કે બનાવવાવાળો કોઈ છે. તો કોઈ એમ કહે કે એતો જીવ પણ બનાવી શકે. તો જીવથી તો એ સંભવ જ નથી. જીવ અલ્પજ્ઞ છે અને સંસારને બનાવવા માટે એ બનાવવાવાળો કર્તા છે એ સર્વજ્ઞ હોવો જોઈએ. તો જ એ બધુ બનાવી શકે. સર્વનું જ્ઞાન હોવું જોઈએ એને. કુંભાર ઘડો બનાવે તો એનું જ્ઞાન એને હોવું જોઈએ. પ્રથમ વાર કોઈ વ્યક્તિને બેસાડી દેવામાં આવે, સાકડો ફેરવવામાં આવે, માટી-માટી બધુ તૈયાર કરી દેવામાં આવે કે લે, તું બનાવ. તો બનાવી શકશે ? .... તો બનાવવાવાળાની અંદર એ બનાવવા વિશેનું જ્ઞાન પણ હોવું જોઈએ. જો એ જ્ઞાન ન હોય તો એ બનાવી શકતો નથી. અચ્છા, જ્ઞાનની સાથે સાથે ઈચ્છા પણ હોવી જોઈએ. ઈચ્છા ન હોય તોય એ પડી જાય ઈચ્છાની સાથે સાથે કૃતિ પણ હોવી જોઈએ કૃતિ-ક્રિયા પણ હોવી જોઈએ તો બને. નહીં તો કાંઈ ન બને એટલે કુંભારને પહેલેથી એ ઘડાનું જ્ઞાન છે કે આ રીતે બનાવાય આ રીતે ગોળ ફેરવાય, આ રીતે અંદર હાથ કરાય નાનો બનાવવો કે મોટો બનાવવો તો એને એનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ. જ્ઞાન વગર આપણે કાંઈ બનાવી શકતા નથી એટલે પરમાત્મા આ સંસારને બનાવે છે એટલે પરમાત્મા તત્ત્વથી સર્વજ્ઞ છે એય સિદ્ધ થાય છે અને આ બધુ બનાવે છે ને બધાનું ભરણ પોષણ કરે છે એટલે સર્વ શક્તિમાન છે એય નક્કી થયું અને આપણા આચાર્યો કહે છે કે પરમાત્મા **'કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સર્વથા સમર્થઃ ।'** છે પરમાત્મા ચાહે તો કરે ન ચાહે તો ન કરે અને ચાહે તો વિપરિત પણ કરે. પરમાત્મા સ્વતંત્ર છે.

**ક્રમશઃ...**

રેખાબેન આર. માવાણી
ભાવનગર


ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

વૈરાગ્ય એટલે આપણી પાસે જે બે પદાર્થો હતા કે જે અનિત્ય હોવા છતાં નિત્ય માનતા હતા. જેના પ્રત્યે રાગ હતો તે હવે વિવેક આવી જતા અનિત્ય વસ્તુનો ત્યાગ અને નિત્ય વસ્તુમાં પ્રવૃત્તિ થાય તેનું નામ વૈરાગ્ય થયો. ભોગોને છોડી દેવા ત્યજી દેવા તેનું નામ વૈરાગ્ય.

નિત્ય પરમાત્મા છે અનિત્ય આપણને ગમતું નથી પણ નિત્યની ઓળખાણ નથી એટલે અનિત્યને નિત્ય માની અનિત્યને પકડી રાખીએ છીએ. આશાના મહેલ બાંધીએ છીએ અને તે તૂટી જાય ત્યારે શોક થાય છે પણ દ્રઢ થાય કે પરમાત્મા નિત્ય છે ત્યારે ફકત નિત્ય જ એકઠું કરશે. અનિત્ય વસ્તુની અંદરથી રાગનો ભાવ નીકળી જવો અને પ્રભુમાં પ્રેમ થવો તેને વૈરાગ્ય કહેવામાં આવે છે.

**અસ્તિ ભાતિ પ્રિયરૂપ બ્રહ્મનું, મિથ્યા છે સંસાર;**
**નામ રૂપને ટાળી જોશો, તો જડશે તુજને સાર;**
**ઈશ અંતરમાંથી મળશે,અવિદ્યા મૂલ થકી બળશે;**
**ઉઘડશે અંતરની બારી, બ્રહ્મસદ્ રૂપ સુખાકારી.**

સંસાર છે એ મનમાં છે. મનમાંથી સત્ય-બુદ્ધિથી સમજણથી ત્યાગ થઈ જવો એટલે

**લબ્ધં વાऽથ ન લબ્ધં વા સ્વલ્પ વા બહુલં તથા;**
**નિષ્કામેનૈવ ભોક્તવ્યં સદા સંતુષ્ટમાનસમ્.**

કાંઈ મળ્યુ અથવા કાંઈ ન મળ્યુ અથવા થોડું મળ્યુ અથવા ઝાઝુ મળ્યુ હોય તો પણ સર્વદા સંતુષ્ટ મનવાળા થઈને નિષ્કામભાવથી ભોગવવું. જીવ આ કોટીએ પહોંચી જાય છે. પદાર્થો હંમેશા રહેવાના છે. તેમાંથી અહંતા, મમતા અને અસત્ય બુદ્ધિનો ત્યાગ થવો તેનું નામ વૈરાગ્ય.

શ્રીમદ્ ભાગવતમાં કથામાં ગોકર્ણ અને ધુંધકારી એ બંને આત્મદેવના પુત્ર હતા. ધુંધુકારી પુત્રએ આત્મદેવને દુઃખી કર્યાં ત્યારે બીજા પુત્ર ગોકર્ણએ પિતાને શોકથી છૂટા કરાવ્યા છે. ગોકર્ણ પિતાને કહે છે કે તમે આ દેહ છે જે અસ્થિ, માંસ અને રુધિરનો બનેલો છે. તેમાંથી હું પણાનો ત્યાગ કરી દો તો સુખી થઈ જશો, સંસાર છૂટી જશે તો આ મારા છે એવા પ્રકારનો ત્યાગ કરી દો. સંસારમાં કોઈ કોઈના નથી આપણે ભગવાનના અને ભગવાન આપણા છે. સંન્યાસ લઈ લો તો મમતા છૂટી જાય. આ શરીર અસ્થિ માંસ રુધિરનો બનેલો છે તે મારો ન હોય શકે મારા માત્ર પરમાત્મા જ છે જેના વગર હું ના રહી શકું, પરમાત્મા વિના જ હું મૃત્યું પામુ, ગોકર્ણએ પિતાને કહ્યું મમતા છોડી દો આ સંસાર ક્ષણ ભંગુર છે. એક એક ક્ષણે બદલાતો જાય છે આ સંસાર નામ-રૂપાત્મક છે અને એટલે જ એક સરખો રહેતો નથી માટે વૈરાગ્ય કરો. ભકિતમાં નિષ્ઠ થાઓ. ભકિતમાં નિષ્ઠ થવું તેને વૈરાગ્ય કહે છે.

**સંસાર સઘળો અસત્ય લાગે**
**સદ્ગુરૂ સાથે સ્નેહ જોને.**

સદ્ગુરૂ સાથે સ્નેહ લાગે તે વૈરાગ્ય છે. આ લોકમાથી પરલોકમાં જવા આપણે સકામ કર્મો કરીએ છીએ. ખૂબ કષ્ટ વેઠીને સકામ કર્મો કરીએ છીએ. પણ શા માટે કષ્ટ વેઠે છે? તેની નિષ્ઠાનું કયું કારણ છે? કષ્ટ સહન કરવાથી પરલોક મળશે એવી એ નિષ્ઠા પાછળ સકામ ભાવના છે. દાનમાં પણ સકામ ભાવના હોય કે દાન કરવાથી કલ્યાણ થશે. જ્યાં કર્મ કર્યા પછી ફળની આશા છે એવા કર્મ સકામ કર્મ છે આપશું તો મળશે એવો ભાવ તેને સકામ ભાવ થયો ગણાય. પરાણે આપે છે કાંઈક સુખ મેળવવા માટે આપે છે. દુઃખ ભોગવે છે. જો વિચારે કે ધનનો સદ્ઉપયોગ થાય એવી રીતે નિષ્કામભાવથી વાપરે તો તે મનથી આપે છે. શ્રુતીની અંદર વિશ્વાસ રાખીને આપણે સત્કર્મ કરીએ છીએ એનું ફળ પરલોકમાં મળશે. એટલે પરલોકની ઈચ્છા મનમાં રહી જાય છે.

પણ આલોકના સુખની નહિ અને પરલોકના સુખની પણ ઈચ્છા રહેતી નથી તેવા ભાવથી કરેલા કર્મો નિષ્કામકર્મો માનવામાં આવે છે.

આ લોક પરલોકનું સુખ સમાપ્ત થઈ જાય છે. આલોકનું સુખ પ્રત્યક્ષ છે પરલોકનું સુખ પણ સકામ કર્મદ્વારા મળેલ છે એટલે તે પણ સમાપ્ત થઈ જાય છે પરલોકનું ફળ પૂણ્યકર્મ દ્વારા મળે છે સત્કર્મ ના ફળરૂપે મળે છે આલોક જયારે મળે છે તેના દ્વારા મળતું સુખ પણ નાશવંત છે. પરમાત્માનું સુખ કયારેય સમાપ્ત થતું નથી. કર્મ દ્વારા ઉત્પન્ન થયેલું ફળ નાશ પામે છે પણ જેને આલોક કે પરલોકનું પણ સુખ નથી જોઈતુ પણ મારે તો માત્ર એક અખંડ સુખ પરમાત્મા છે તેનું જ સુખ મેળવવુ છે. એવી ઈચ્છા

થાય તેને વૈરાગ્ય થાય.

તેથી આલોક-પરલોકમાં જેને સુખ બુદ્ધિ નથી રહેતી તે જ વૈરાગ્ય કહેવાય છે.

વૈરાગ્ય થયા પછી મુમુક્ષુ માટે ષટ્સંપત્તિ બતાવી છે. શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા અને સમાધાન આ ને છ સંપત્તિ એટલે કે ષટ્સંપત્તિ કહેવામાં આવે છે. આ સિવાયનું છે તેને વિપત્તિ કહેવામાં આવે છે. આપણે જે સંસારના પદાર્થો એકઠા કરીએ છીએ તેને વિપત્તિ કહેવાય છે.

(૧) શમઃ- મનનો નિગ્રહ, મનનું શાંત થવુ.

મન જેનું શાંત થઈ જાય છે તેને કાંઈ દુઃખ ન આવે. જેમકે સુષુપ્તિ અવસ્થામાં કોઈ દુઃખ નથી એવી રીતે જાગ્રત આવસ્થામાં એવું કરીએ તો જીવનમાં પરમ શાંતિનો અનુભવ થાય છે. શાંતિ પદર્થોથી નહિં સમજણથી આવે છે આપણી પાસે સંસારના કેઈ બાહ્ય પદાર્થ ન હોય પણ સમજણ હોય તો જંગલમાં પણ શાંતિ મળે છે. કરાણ આપણને સમજણ આવેલી છે કે આ પદાર્થ જંગલમાં મળશે નહિ.

સંસારમાં દરિદ્ર કોણ છે? તો જે સંસારના પદાર્થો એકઠા કરવામાં રહે છે તે દરિદ્ર છે. તેની પદાર્થો એકઠા કરવાની જીજ્ઞાસા કદી પૂરી થતી નથી અને સંસારના પદાર્થો એકઠા કરતા કરતા તેનું જીવન પૂરુ થઈ જાય છે.

શ્રીમંત કોણ છે ? જેને સંતોષ છે તે શ્રીમંત છે. સંસારનો અધીપતિ થઈ જાય તો ય સુખચેનથી બેસતો નથી તે દરિદ્ર છે.

શ્રીમદ્ ભાગવત કથામાં આવે છે કે યયાતી રાજાએ આયુષ્ય પૂરુ થયું ત્યાં સુધી ભોગો ભોગવ્યા પછી પોતાના પુત્રનું આયુષ્ય લીધુ અને ભોગો ભોગવ્યા પણ પછી સમજાયુ કે હું ગમે તેટલા ભોગો ભોગવીશ તોય કામના(ઈચ્છાઓ)ઓ પૂરી થવાની નથી. પછી જ્યારે સમજણ થઈ વિવેક થયો એટલે વૈરાગ્ય થયો કે આ પૃથ્વીની અંદર જેટલા ભોગો છે એ બધા ભોગો કોઈ એક જ વ્યકિતને મળી જાય તો પણ તેની તૃષ્ણા પૂરી થતી નથી. તૃષ્ણા વધતી જાય છે એમ યયાતી રાજાએ કહ્યું. તેને સમજાયું અગ્નિની અંદર જેમ કાષ્ઠ નાંખવામાં આવે તેમ અગ્નિ વધારે ને વધારે પ્રદિપ્ત થતી જાય છે. વધારે સળગે છે. તેમ ભોગો ભોગવનારની ઈચ્છા વધતી જાય છે. તેથી મનને આત્મનિષ્ઠ બનાવવું જોઈએ. મનથી સંતોષ રાખવો જોઈએ. જેની પાસે ષટ્સંપત્તિ ન હોય તો એ મહાન દરિદ્ર છે. ષટ્સંપત્તિ એટલે શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન જો ન હોય તો તે હંમેશા વિપત્તિમાં રહે છે. સંસાર વિપત્તિ છે, પરમાત્મા સંપત્તિ છે.

સંસારમાં જે વિપત્તિ આવે છે તે વિપત્તિ છે જ નહિ કારણ કે સંસારની સંપત્તિ એ સંપત્તિ છે જ નહિ.

પરમાત્માનું સ્મરણ એ સંપત્તિ છે. અને પરમાત્માનું વિસ્મરણ એ વિપત્તિ છે

મારે તો ભગવાન જ યાદ રાખવા છે એવો વિવેક હોય તો ભગવાન એ જ સંપત્તિ છે. તો પછી કયારેય કોઈ વિપત્તિ ન આવે ભગવાન જો યાદ રહે તો બધું જ આપણી સાથે વાસ કરે છે. આમ ષટ્સંપત્તિ એટલે.

(૧) શમ :- મનને શાંત કરવું, મનનો નિગ્રહ કરવો.

(૨) દમ :- ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો, જ્ઞાનેન્દ્રિયોને વિષયમાંથી પાછી વાળવી તેને કહેવાય દમ. બ્રહ્મજ્ઞાન લેવાની તત્પરત્તા રાખવી. વિષયનું જ્ઞાન લેવાનું છોડવું.

(૩) ઉપરતિ :- સ્વધર્મનું અનુષ્ઠાન એ જ મારે માટે શ્રેષ્ઠ કલ્યાણ છે બીજામાં કયાંય લાગવું નહી તેને ઉપરામ કહેવાય. કોઈને કાંઈ ન કહેવું. ચૂપ રહેવું તેને ઉપરામ રહેવું એવું કહેવાય. આ વૃત્તિ આવે એટલે ઉપરતિ સંપન્ન થાય.

(૪) તિતિક્ષા :- સહન કરવાની શકિત કેળવવી. સહન કરતા શીખો.

(૫) શ્રદ્ધા :- ગુરૂ અને વેદાંતના વાકયનો વિશ્વાસ.

(૬) સમાધાન :- ગુરૂએ અને વેદાન્તે બતાવેલો માર્ગ જ મારા માટે સાચો છે. શંકાને દૂર કરવી. સંતની વાતનો સ્વીકાર કરવો.

આટલું સંપન્ન થાય તો ભગવાન એ જ સંપત્તિ છે. એવું યાદ રહે. તે હંમેશા સર્વદા આપણી સાથે છે. સર્વત્ર આપણી સાથે છે.

જેમ કૃષ્ણ ભગવાન ગોવાળીયા સાથે રહેતા હતા. ત્યાં સુધી ગોવાળીયાને કોઈ વિપત્તિ ન હતી. ભગવાને ગોવાળીયાને દરેક મુશ્કેલીમાંથી ઉગાર્યા છે. અસુરોનો વધ કરી અસુરોથી બચાવ્યા છે. વગેરે..તેમ ભગવાનરૂપી સાચી સંપત્તિ સાથે હોય તો વિપત્તિ આવે જ નહિ. પાંડવોની સાથે પણ ભગવાન કૃષ્ણરૂપી સંપત્તિ હતી જ્યારે કૌરવો પાસે મરવાવાળી (સગાસંબંધી) સંપત્તિ છે. જે વિપત્તિ છે. માટે

ષટ્સંપત્તિ એ જ સાચી સંપત્તિ છે. શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન આમાંથી જીવનમાં આપણી પાસે એક પણ ઓછું હોય અથવા કાંઈ ન હોય તો આપણી પાસે કાંઈ છે જ નહિ.

વિવક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ પછી ચોથુ સાધન છે મુમુક્ષત્વ. પરમાત્મા મેળવવાની તીવ્રતા.

મુમુક્ષત્વ :- પરમાત્માં મેળવવાની તીવ્ર જીજ્ઞાસા એ જ મુમુક્ષત્વ છે. પરમાત્મા એજ સાચા છે. નિત્ય છે. બીજુ બધુ વ્યર્થ છે એવો ભાવ થાય બ્રહ્મભાવ થાય ત્યારે જ તીવ્ર જીજ્ઞાસા થાય છે.

આ ચારેય સાધન જેનામાં આવે અર્થાત્ ચાર સાધન સંપન્ન થાય તેને મુમુક્ષુ કહેવાય છે.

## ચતુર કોણ ?

મધુબેન ડી. બોઘરા
(પિપરિયા) અડાજણ, સુરત.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સંતો અને શાસ્ત્રની દ્રષ્ટિ એ ચતુર એ છે જે પરમાર્થ સાધી લે આથવ તો ભુકિત અને મુકિત બંને સાધી લે. જન સામાન્ય દ્રષ્ટિથી ચતુર એ છે જે કોઈપણ રીતે સ્વાર્થ સાથી લે.

કળિયુગમાં મનુષ્ય પોતાને વધારે ચતુર સમજે છે. બુદ્ધિની માત્રા પણ વધારે જોવા મળે છે. હાં, બુદ્ધિની શુદ્ધિ જરૂર ઘટેલી જણાય છે. તેને પરિણામે માણસ કપટથી પોતાનો સ્વાર્થ સાધી લેવામાં, જુઠુ બોલી પોતાનું કામ કઢાવી લેવામાં, પોતે ન કર્યુ હોય તેવા કામનો પણ યશ પોતે જ લેવામાં દંભ અને દેખાડો કરવામાં, વિચારો બીજાના હોય, છતાં પોતાના નામે બતાવવામાં છોછ અને નાનપ અનુભવવાને બદલે પોતાને ચતુર સમજે છે. પરંતુ ભગવાન વેદવ્યાસ આને ચતુરાઈ ગણતા નથી. એતો કહે છે પૈસો રળવામાં, બીજાને છેતરવામાં, સ્વાર્થમાં જે ચતુરાઈ બતાવો છો એવી ચતુરાઈ ભગવદ્ ભજનમાં, મનને વિકારોથી મુકત કરવામાં બતાવો ત્યારે ખરા ચતુર ! કળિયુગમાં મનુષ્ય જે કામ કરવાનું છે તે કરતા નથી અને જે ગૌણ છે, ન કરે તો પણ ચાલે તેવા કામ પહેલા કરે છે માટે વેદ વ્યાસજી અચતુર અને મંદ બુદ્ધિના કહે છે.

શાસ્ત્રો તો કહે છે સો કામ છોડી ને ભોજન કરી લેવું, હજારકામ છોડીને સ્નાન કરી લેવું, લાખકામ છોડીને દાન કરવું, કરોડકામ છોડીને પ્રભુનું સ્મરણ કરી લેવું.

પૂ.ડોંગરે મહારાજ કહે છે “જીવ ભાગ્યશાળી ત્યારે બને જ્યારે તે નિર્ભય બને. ઈશ્વરની શરણાગતિ સ્વીકારે તે નિર્ભય બની શકે. જીવ અને ઈશ્વર હૃદયમાં સાથે બેઠા છે છતાં ઈશ્વરને ઓળખી શકતા નથી. જીવ બહિર્મુખ ને બદલે અંતર્મુખ બને તો અંતર્યામીને ઓળખી શકે નહીંતર ઈશ્વર છે સૌથી નજીક હૃદયમાં જ પણ ન ઓળખવાથી જોજન દૂર લાગે છે.” અહીં તેઓ શ્રી એક દ્રષ્ટાંત આપે છે.

એક મહાત્મા પાસે પારસમણી હતો. પારસમણી ચિંથરામાં વિટાંળીને લોખંડની ડાબલીમાં રાખ્યો હતો તેથી એક ભકતને શંકા પડી કે જો આ ખરેખર પારસમણી હોય તો લોખંડની ડાબલી સુવર્ણની કેમ ન થઈ ? મહાત્માએ તેનુ રહસ્ય બતાવતા કહ્યું કે “પારસમણી ચિંથરામાં વિંટેલો હોવાથી પારસમણી અને લોખંડનો સ્પર્શ ન થઈ શકવાથી આ ડાબલી સોનાની થઈ શકતી નથી.”

તેઓ શ્રી કહે છે કે “ એજ રીતે જીવ અને ઈશ્વર સાથે જ હૃદયમાં છે પરંતુ તેમની વચ્ચે અહંતા અને મમતારૂપી ચિંથરૂ હોવાથી જીવ શિવ થઈ શકતો નથી. જો અહંતા અને મમતારૂપી ચિંથરૂ હટિ જાય તો જીવ શિવ બની જાય. અરે... જીવને શિવ બનવાનું કયાં છે ? એ શિવ જ છે પરંતુ અહંતા અને દઢ દેહાધ્યાસને લીધે અનુભૂતિ થતી નથી. ભગવદ્ શરણાગતિથી એ શકય બની શકે છે.”

આપણે વ્યવહારમાં તો ચતુર છીએ જ થોડા પરમાર્થમાં પણ ચતુર બનીએ તો માનવ જન્મ સફળ થાય. વ્યવહારિક ચતુરાઈ કેવળ આંખ ખૂલી છે, શ્વાસ ચાલે છે ત્યાં સુધી જ કામ આવે છે. આંખ બંધ થઈ જતાં બધું જ અહીં જ પૂરૂ થઈ જાય છે. ચતુરાઈ અહીં જ પડી રહે છે. આગળ તો પરમાર્થ સાધવા માટે કરેલી ચતુરાઈ જ ખપ લાગશે. અસ્તુ.

## બાળ કેળવણી

લવજીભાઈ કે. સવાણી
(નાવડા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

ભાગ (૩)

**વાણીનું શિક્ષણ**

બાળક બોલવાનું શીખીને આવતું નથી, પણ સમાજ પાસેથી જ એ વાણીપ્રયોગ શીખે છે. ઘરમાંથી જ અને આજુબાજુના વાતાવરણ માંથી જ એ પોતાની વાણીની કેળવણી પામે છે. બાળકની જીભ કેળવણી પામે તે બહુ જરૂરી છે. નિંદાના શબ્દો, ઈર્ષાની વાણી અને નફરતની અભિવ્યકિતથી તે દૂર રહેશે અને એવું શિક્ષણ પામશે તો જ આ સમાજ આગળ જતાં શાંતિ પામી શકશે. તેથી વાણીનું શિક્ષણ આપવું જરૂરી છે. કયારે શું બોલવું ? કયારે શું ના બોલવું ? એ બધુ શીખવાનું છે.

**માનવાનું શિક્ષણ**

બાળકને રસ્તો બતાવવો જરૂરી છે. પણ મંઝિલે તો એની જાતે જ પહોંચવા દો. એને આંગળી પકડીને ચલાવવાની જરૂર નથી. બસ એટલું જ્ઞાન અને એટલી સમજણ જરૂર આપો કે રસ્તામાં આગળ જવા માટે કોઈને પછાડવાની કે કોઈને લાત મારવાની જરૂર નથી, એવું સમજી શકે. જિંદગીનો માર્ગ કઠિન છે એવું કહો પણ સાથે એવુંય કહો કે, કઠિનમાં કઠિન માર્ગ આસાન થઈ જાય છે જો તમે સાચી રીતે એ માર્ગ પર ચાલતા હોવ. માનવતાનાં ધોરણો શીખવજો. કેમ કે એના વગર માનવજીવન નકામું છે. જમાના પ્રમાણે ઘડતર જરૂરી કરો, પણ એનું મૂળ-માનવતા જાળવી રાખજો.

**વહેંચીને ખાવાનું શિક્ષણ**

બાળકને સમાજમાં રહેવાનું છે તેથી તેને સંકુચિત ના બાનાવશો. બીજાઓ સાથે ભળતાં શીખે એ તો જરૂરી જ છે, પણ સાથે સાથે એ બીજાને આપવાનું શીખે તે પણ એટલું જ જરૂરી છે. સાચા સમાજની રચના ત્યારે જ શક્ય છે જ્યારે તેમાં રહેલા સભ્યો એકબીજાને આપવાનું શીખે. હાલના જમાનામાં જ્યારે એકઠું કરવાની વૃતિ પ્રબળ છે ત્યારે આપણા બાળકોને હોય તેમાંથી થોડું આપવાની કેળવણી આપવી જોઈએ.

વિનોબા ભાવેના બાળપણની વાત છે. તેઓ જ્યારે નાના હતા ત્યારે જે ઘરે રહેતા હતા એ ઘરના આંગણામાં એક ફણસનું ઝાડ હતું. આખા ગામમાં માત્ર સાઠ ઘર જ હતા. જ્યારે ફણસ થતાં ત્યારે જે વાત બનતી તેમાંથી એમનું માનસ ઘડતર થયું હતું. એમની માતા રખુમાઈ ફણસ થાય એટલે બે-બે ચીરી આખા ગામના સાઠે સાઠ ઘરમાં આપતાં અને એને વહેંચવા માટે વિનોબાને મોકલતા. વિનોબા હોંશેહોંશે વહેંચવા જતા. વિનોબા કહે છે કે, બે ચીરી આપવાનો મને એટલો આનંદ થતો હતો કે એની અસર કેટલાય દિવસ સુધી રહેતી, મારી માએ આમ ખવડાવીને ખાવાનો આનંદ કેવો હોય એવો અનુભવ કરાવ્યો.

## ધર્મ પરાયણ જીવન

લતા અરવિંદભાઈ માંગુકિયા
(દડવા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સદ્‌ગુરૂ ભગવાનના ચરણોમાં કોટિ કોટિ વંદન ભગવાનની કૃપાથી આપણને માનવ જન્મ મળ્યો છે. તેથી પણ ઉપરાંત ભગવાનની કૃપાથી આપણને સ્વામિશ્રી માધવાનંદ જેવા સદ્‌ગુરૂ મળ્યા છે. તે પરંપરામાં આપણને ધર્મ અને બ્રહ્મની સાચી ઓળખાણ થાય છે. ખરેખર મનુષ્ય ધર્મ અને બ્રહ્મમાં જ ભ્રમિત થાય છે. કારણ કે ધર્મ(પ્રત્યક્ષ) નજરે દેખાતો નથી તેમ બ્રહ્મ પણ નજરે દેખાતો નથી બ્રહ્મ નજરે દેખાવાની વસ્તું નથી. જે આ આંખ વડે વસ્તુ દેખાય છે. તેમા મનુષ્ય કયારેય ભ્રમિત નથી થતો તો ધર્મ અને બ્રહ્મને જાણવા માટે સદ્‌ગરૂ રૂપી જ્ઞાન ચક્ષુની જરૂર છે. ઘણા લોકો એમ કહે કે આ અમારો ધર્મ નથી તો પ્રત્યેક માનવનો ધર્મ છે. પરમાત્માને જાણવા આપણે ત્યા મનુષ્યની દરેક ક્રિયાની સાથે ધર્મ

જોડાયેલો છે. નહિ કે સાત દિવસમાં એક દિવસ ધર્મ કાર્ય કર્યું એટલે આવી ગયું. સનાતન ધર્મમાં તો જાગતાથી સુતા સુધીની વિધી ધર્મ સાથે જોડાયેલી છે. જાગતા હથેળીના દર્શન કરવા તેમજ શૌચ વિધિ-દંત ધાવન વિધિ, સ્નાન વિધીમાં પણ શ્લોક બોલવા અને ભોજન સમયે પણ બ્રહ્મને અર્પણ કરવુ અને પછી જમવુ જોઈએ. તેમ ધંધો પણ ધર્મને ધ્યાનમાં રાખીને કરવો જોઈએ. સનાતન ધર્મમાં દરેક ક્રિયાની સાથે ધર્મ જોડાયેલો છે. જો ધર્મમય જીવન જીવે છે. તે દેવ છે. ગીતામાં ભગવાને નવમાં અધ્યાયમાં (૩) શ્લોકમાં કહ્યું છે.

**અશ્રદ્ધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરન્તપ ।**
**અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવર્ત્મનિ ॥**

ધર્મનાં શ્રદ્ધા વિનાના માણસો મને ન પામતા મૃત્યુરૂપી સંસાર ચક્રમાં ભટકતા રહે છે. જે ધર્મ રક્ષાયેલો છે. તે ધર્મ આપણી રક્ષા કરે છે. માટે ધર્મમાં નિષ્ઠા રાખવી ધર્મ પરાયણ મનુષ્ય છે. તેનાં આ લોક અને પરલોક બન્ને સુધરી જાય છે. જીવન તેનુ સુખમય થાય છે. ધર્માત્મા થવાથી પરમ શાંતિને પામે છે. ગીતાના ચોથા અધ્યાયના (૭) શ્લોકમાં ભગવાને કહ્યું છે.

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।**
**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥**

"હે ભારત જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હું પોતાના રૂપને સર્જુ છું. એટલે કે સાકાર રૂપે લાકો સમક્ષ પ્રગટ થાઉં છું" શ્લોક (૮)

**પરીત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।**
**ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ॥**

ધર્મ પરાયણ સાધું પુરુષોનો ઉધાર માટે અધર્મનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક રીતે સ્થાપના કરવા માટે હુ યુગે યુગે પ્રગટ થાઉ છું તો ધર્મની સ્થાપના અને અધર્મનો નાશ માટે ભગવાન પૃથ્વી ઉપર આવી ધર્મમય જીવન જીવવા માટેનો ઉપદેશ આપે છે. તે ધર્મની વ્યાખ્યા (ઉપદેશ) સદ્‌ગુરૂના મુખેથી સાંભળીને જીવનમાં ઉતારીયે ધર્મની રક્ષા માટે ભગવાનની શસ્ત્રની જરૂર પડે તો શસ્ત્ર પણ ઉઠાવે છે અને શાસ્ત્રની જરૂર પડે તો શાસ્ત્રનો અર્થ સમજાવવા માટે ભગવાન શ્રી શંકરાચાર્ય રૂપે પ્રગટ થાય છે. આજે ધર્મ કેવળ શાસ્ત્રમાં અને પોથીમાં રહિ ગયો હોય તેવું જાય છે. ધર્મ હિન મનુષ્યના જીવન વિચલીત થતા જાય છે. ધર્મ મનુષ્યના જીવનમાં આચાર-વિચાર-આહાર વ્હેવાર સાથે જોડાયેલો હોવો જોઈએ. મનુષ્ય ધર્મ વિના ધનથી સીધો સુખી થવા માગતો હોયતો તે કયારેય સંભવ નથી ધન વડે ધર્મ કમાઈ લેવો જોઈએ. એ ધર્મ દ્વારા મનુષ્ય કલ્યાણ નો ભાગીદાર થાય છે. જેમ ભુખ્યા માણસને ભજનમાં મન નથી લાગતુ તેમ દુ:ખી અસમૃદ્ધ વ્યકિતને ધર્મનો ઉપદેશ નથી લાગતો. શ્રીમદ્ ભાગવતમાં પ્રુથુ રાજાની કથા આવે છે. પ્રુથુ રાજાએ પુરૂષાર્થ હિન મનુષ્યને સારા સારા કર્મ કરતા કર્યા એ કર્મના ફળ દ્વારા ધન ધાન્યથી સમૃદ્ધ થયા અને પછી ધર્મનો ઉપદેશ આપ્યો તે ધર્મનું આચરણ કરી ને પ્રજા પણ સુખી થઈ. ધર્મ હિન મનુષ્યનું જીવન પશુ સમાન છે.

ભગવાન શ્રી કૃષ્ણ એ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર સર્વયે પોત પોતાના ધર્મનું આચરણ કરવું એટલે પેતાનું કર્તવ્ય કર્મ ન છોડવુ મનુષ્યને માટે એજ ક્ષેય છે.

આ.=૩ (૩૫) શ્લોક

**શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।**
**સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥**

સારી રીતે આચરવામાં આવેલા અન્યના ધર્મ કરતા ગુણ વિનાનો હોવા છતા પણ પોતાનો ધર્મ ઘણો ચઢીયાતો પોતાના ધર્મમાં તો મરવુ પણ કલ્યાણ કારી છે. જ્યારે અન્યનો ધર્મ તો ભયપદ છે એમ કહ્યું છે

**અર્જન નો મોહ મટાડયો તેને ધર્મને**
**મારગે વાળ્યો તે ધર્મનો મર્મ સમજવા**
**તમે આવો સત્સંગ દ્વારે......**

તો સદ્‌ગુરૂના ચરણે જઈએ ધર્મનો મર્મ સમજી જીવનમાં ઉતારી ધર્મનું આચરણ કરીને સાચા સુખના ભાગીદાર થઈએ.

## માનવ ચિંતન

વિભુતિ બેન
વડોદરા

આંગણામાં તુલસી એ ભારતીય સંસ્કૃતિ છે. અને મોઢામાં.....તુલસી.....એ સંસ્કૃતિની વિકૃતિ છે... (મોઢામાં તુલસીનો અર્થ પડીકી-તમાકુ)

મરનારને રોનાર હજારો મળે છે.
જીવનારને સમજનાર એકેય મળતાં નથી.
કોણ કહે છે સંગ તેવા રંગ ?

માનવે.... શીયાળ સાથે દોસ્તી નથી કરી તોય લુચ્ચો બન્યો છે. વાઘની દોસ્તી નથી કરી તોય ક્રૂર બન્યો છે ને કુત્તરાની હારે ફરે છે તોય વફાદાર તો નથી જ બન્યો.

ફુંક મારે દિવાને તો થાય ઘરમાં અંધારું
ફુંક મારે કાનમાં તો થાય કુંટુમ્બ નોધારું
જે દિવસે મા-બાપ તમારી પાસે રડે છે.

ત્યારે તમારો કરેલો ધર્મ મતા-પિતાના એ આંસુમાં વહિ જાય છે.

ઘરની માને રડાવીને મંદિરની માને ચુંદડી ઓઢાડે, યાદરાખ મંદિરની મા તો કયારે ખફા થસે.

ઘરની મા કયારેય નહિ ! મા એ જ મા છે.

બચપનમાં ગોદ દેનારને ઘડપણમાં દગો દેનારો ના બનતો

ઘર મોટું હોય તો જ ભેગુ રહેવાય તેવું નથી
મન મોટા હોય તો પણ ભેગું રહેવાય છે.

ભાગ અને ભાઈની પસંદગીમાં ભાઈને જ પસંદ કરજો.

ભાગ તો દુશ્મન પાસેથી પણ મળશે.
પણ ભાઈ તો ભાગ્યથી જ મળશે.

ઘરમાં ઘરડા મા-બાપને સાચવે નહિ.
ઘરડા ઘરમાં ડોનેસન આપે, મંદિરમાં
રૂપિયા લખાવે, અને ધર્મ પ્રેમિ કહેવીએ.
ધર્મનું અપમાન છે.

જે દિકરાના જન્મ વખતે મા-બાપ પેંડા વહેચે.
તે જ દિકરા મોટા થઈને મા-બાપ વહેંચ્યા !!
અરે રે...........કુદરત

મા-બાપની આંખ માં બે વખત આંસુ આવે જ્યારે દિકરી ઘર છોડે ત્યારે, દિકરો તરછોડે ત્યારે. તે જ્યારે ધરતી પર પહેલો સ્વાસ લીધો ત્યારે તારા માતા-પિતા તારી પાસે હતા.

જ્યારે તારા માતા-પિતા છેલ્લો શ્વાસ લે ત્યારે. તું તેમની પાસે રહેજે......

સતયુગમાં સંત........હતા જેમણે માતા-પિતાને જ ભગવાન માન્યા હતા. જ્યારે ભગવાન જાતે પણ તેમની પરિક્ષા કરવા આવ્યા ત્યારે તેમને પણ ઈંટનો ટુકડો આપીને કહી દીધું કે મારા પિતાને સ્નાન કરવું છુ તમને મારું કામ હોય તો તેની ઉપર બેસો. પછી તમને મળું છું અને તે ભગવાન વીઠોબાના નામે ઓળખાય છે.

કળયુગમાં........ભણેલા ગણેલા દિકરાઓને અભણ મા-બાપની મિત્રોમાં પણ મારા નોકર-બાઈ છે તેવી ઓળખાણ આપે છે.

સતયુગ...... દિકરીને ગાય દોરે ત્યાં જાય...
કળિયુગ.....
ગાયો શેરિયે શેરિયે ફરતી જોવા મળે......
દિકરી પોતાની પસંદગી થી જાય........

## સુવાક્યો

બ્ર.શ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્ય

(૧) ચરીત્ર દ્વારા મનુષ્ય જીવન શોભે છે ધન દ્વારા નહીં.
(૨) બુદ્ધિમાન વ્યકિત બોલતા પહેલા વિચાર કરીને બોલે છે. મુર્ખ બોલીને વિચાર કરે છે કે મે આ શુ કહ્યું.
(૩) સ્વાર્થ કરે તે જીવાત્મા છે અને પરમાર્થ કરે તે પરમાત્મા છે.
(૪) સંસારમાં કોઈ મનુષ્ય ભીખારી નથી બધાની પાસે મુલ્યવાન શરીર છે.
(૫) દુઃખ સહન કરવાથી જ અનુભવ થાય છે.
(૬) સત્યમાં ભલે દુઃખ ભોગવવું પડે પરંતુ છેલ્લે સત્યનોજ વિજય છે.
(૭) પોતાની પીડાનો અનુભવ પશુ, પક્ષી, મનુષ્ય બધા જ કરે છે.
પરંતુ સાચા માનવ એ જ છે જે બીજાની પીડાનો અનુભવ કરે છે.
(૮) થોડુ જ્ઞાન અને સમાજને જાજુ બતાવવાનો જે પ્રયત્ન કરે છે. તે હંમેશા દુઃખી જ રહે છે.
(૯) ભલે ભુખે રહેવું પડે પરંતુ સંસારમાં કોઈ એવું કામ ન કરો કે આપડી ગર્દન નીચે નમે
(૧૦) સંસારમાં એ જ વ્યકિત સુખી છે જેની પાસે વિવેક રૂપી આંખ છે.

# સત્સંગ મહિમા

કિંજલબેન બી. ગોપાણી
(ચોગઠ) હાલ-સુરત

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સત્સંગમાં નિત્ય આવો તમો પ્રેમે પ્રભુ ગુણ ગાવો તો થોડી સંતોના સંગની વાત કરીએ.

આપણને જીવનમાં અવાર નવાર સત્સંગનો લાભ મળતો રહે છે. તે અતી મહત્ત્વની વાત છે. આપણે જાણ્યું કે ગુરૂજી આવ્યા છે. તે મનમાં કેવી ભાવના જાગે છે કે ગુરૂજી આવ્યા છે. ચાલો સત્સંગમાં તો શું આ છે. મહા પુણ્યનો જ પ્રભાવ કારણ કે સત્સંગથી જ સત્ય ધર્મની પરખ થાય છે. સત્સંગથી જ આપણું અજ્ઞાન દુર થાય છે. સત્સંગથી જ સત્યની પ્રીતિ થાય છે. સત્સંગથી જ સત્યએ ઈશ્વર છે. એવો નિશ્ચય થાય છે. એજ આપણામાં આત્મ સ્વરૂપે હર ઘટમાં પ્રકાશી રહેલ છે. પ્રાણ સ્વરૂપે દરેક ઘટમાં પ્રકાશી રહે છે. આ સાચી સમજણ અનુભવી મહાપુરૂષોના શરણોમાં તેમજ સત્સંગ સમાગમથી નક્કી થાય છે માટે સંતોએ સત્સંગનો મહિમા ખૂબ ખૂબ ગાયો છે ને આપણને શાંતિ વ્યાપી છે જુવો આપણે સાંભળ્યું સત્સંગનો રસ એતો અગમ અપાર છે. **તે પીવે કોઈ પાવન હાર.**

સદ્‌ગુરૂ સંતની કૃપા દ્રષ્ટિથી સત્સંગ થાય છે. સત્સંગથી સત્ય સમજાય છે અને સત્યમાં પ્રીતિ થાય છે, જુવો જયારે આત્મ સ્વરૂપનો સાર સમજાય છે આત્મ સ્વરૂપનું મહત્ત્વ સમજાય છે ત્યારે બધી જ મમતાના મોહ દુર થાય છે પણ સાચા અનુભવ વિના કાય નહી થાય જયારે અનુભવ સાચો થાશે ત્યારે જ દેખાશે સાચો સાર આ અનુભવ આત્મ ભાવ જગાડવા માટે ગુરૂગમ જ્ઞાનની જરૂર છે માન અપમાન નાના મોટા આ બધુ છૂટે ત્યારે જરૂરને જરૂર આ ગુરૂ મહિમા સમજાય. જુવો મૂળ દાસના ભજનમાં કહ્યું છે ને.

(સત્સંગ વિના મન સમજે નહી. સુરતા ભલે નિગમ વરજાય) વારંવાર સત્સંગમાં જઈએ છીએ પણ શું થયું કાય નહી પણ નિર્ણય કરી લઈએ કે મારે જરૂર પરમાત્માને મેળવવા છે. પરમાત્મા કાય દૂર નથી આપણી અંદર જ છે આ શરીર રૂપી નગરમાં પવનરૂપી થઈને આપણી અંદર બીરાજ માન છે. આપણે તેને જોય શકીએ ને અનુભવી શકશું સદ્‌ગુરૂ સંતની કૃપા દ્રષ્ઠિથી સત્સંગ થાય છે. સત્સંગથી સત્યમાં પ્રતી થાય છે. અંદરથી બોલનાર પરમાત્મા સ્વરૂપે ઓળખાય છે મનથી કાય નહી લાગે ત્યારે સત્સંગનો આ મોટો મહીમા છે કાય ઉપવાસ કે જાગ્રણ કે વનમાં જયને વસવાથી નહી અનુભવાય. એક સદ્‌ગુરૂના શબ્દના વિશ્વાસે જે આપણને આપેલ ગુરૂમંત્ર તેના ઉપર વિશ્વાસને સાચી શ્રદ્ધા એ જ તત્ત્વને જાણવાનો પાયો છે. નહીં તો આટલા વરસો તો આપણે સત્સંગમાં ગયા, સાંભળ્યો પણ મને કોય જાતની શાંતિ ન મળી તો શું થયું તો સાચો રાહ બતાવનાર પરમ વંદનીય ગુરૂ મળ્યાને તેના વચનમાં વિશ્વાસ ને સાચી શ્રદ્ધા રાખવી આપણને મોટા ગુરૂજી કાયમ સત્સંગમાં કહેતા હતા કે સંતોના વચનમાં વિશ્વાસ રાખવો અને વારંવાર ગાતા કે

**(સંતના શબ્દ સવા સવા લાખના રે)**

એટલે કે દેખા દેખીથી કે અઠે અઠે અનુમાનથી પ્રાપ્ત થાય તેમ નથી એટલા માટે આત્મ સ્વરૂપના અનુભવી સદ્‌ગુરૂ સંતના મુખેથી શ્રવણ કરી તેનું મનન કરી અને તેને આચરણમાં લાવવા માટે અનુભવવા માટે સત્સંગની ખાસ જરૂર છે. માટે સત્સંગમાં કે ગુરૂ સ્મરણમાં કે ધ્યાનમાં કયારેય આળસ ન કરવી દેખાદેખીથી સેવા પણ ન કરવી. સદ્‌ગુરૂ સંતની કૃપા દ્રષ્ટિથી આપણને જે સમજણ પ્રાપ્ત થઈ છે. આત્મ સ્વરૂપની જાગૃતિ થઈ છે એ ત્રણ કાળમાં નાશ ન થાય તેવી સત્ વસ્તુની સમજણ છે. તેને લક્ષમાં રાખીને જીવન જીવવાથી આપણે ખોટી માયાના આવરણમાં ફસાઈ જઈશું નહી અને નિર્ભયતાથી જીવન જીવવાનો અનેરો આનંદ પ્રાપ્ત થશે અને આપણું હરાયા ઢોર જેવું રીઢું થયેલ મનને સાચી દિશા સાચી સમજણ મળશે તે દોડધામ કરતું આપમેળે ખીલે આવીને બેસશે શાસ્ત્રોનું વારંવાર વાંચન કરવાથી મનને શાંતિ મળશે. સાચી સેવા સાચો ભાવ હશે તો મન અને હૃદય એકદમ નિર્મળ શુધ્ધ બનશે ને તે સત્ય જ્ઞાનની ઓળખ છે.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

## (રાગ :- ગુરૂએ નિરખાવ્યા આત્મારામ...)

સેવક પૂછે ગુરૂને જોડી હાથ, મારગ કહોને મોક્ષનો
ગુરૂજી કહે સેવક ધરો કાન, સંદેશો સતલોકનો

### -: સાખી :-

કેવી રીતે વર્તવું, કયો પાળવો ધર્મ
સમર્થ કહી સમજાવે જો રે, મને કોઈ નડે નહીં કર્મ - મારગ

નિગમ પ્રમાણે વર્તવું, અહીંસા પાળવો ધર્મ
જીવ દશાને ટાળજો રે, સેવક કોઈ નડે નહિ કર્મ - સંદેશો

કેવી રીતે સ્મરવા શ્રી હરી, શામળીયો સરદાર
તે સાને કરી સમજાવો રે, વેદવાણીનો કરી વિસ્તાર - મારગ

શ્વાસોશ્વાસે સમરવા શ્રીહરી, શામળીયો સરદાર
અખરમાં વ્રતી રાખજો રે, સેવક બુધ્ધી થશે બળવાન - સંદેશો

આઠ સાધન અંતર તણા, કહો ગુરૂજી કેમ સમજાય
બીજા સાધન બારના રે, તેથી ઈશ્વર નવ દરશાય - મારગ

આઠ સાધનમા એક છે. તે તત પદને તું જાણ
દૈત ભાવ દરશે નહિ રે, સેવક નિચ્ચે નામ નિર્વાણ - સંદેશો

અંતર પડદા ઉઘડે અમારા, સામા બ્રહ્મ ભળાય
સુખરામના સ્વામીના સ્વરૂપમાં, મારો જીવ તદરૂપ થાય - મારગ

અમર પુરૂષ આઘા નથી, પોત પોતમાં દર્શાય
સુખરામના સ્વામીને જઈ મળો રે, ત્યારે જન્મ મરણ મટી જાય - સંદેશો

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

શ્રીમદ્ ભાગવત્‌થી ત્રણ અર્થ મળે એટલે આ એક તો આ ગ્રંથ જે ભગવાને સ્વમુખે કહી છે. આ પ્રભુની કરૂણા કૃપા છે અને પ્રભુને પામવાનો ઉપાય બીજું કોણ જાણે ? પ્રભુ સાથે આ સીધો સંવાદ છે. સ્વયં ભગવાને કહેલી આ વાત છે. ભાગવત્ એટલે જે ભગવાનના થઈ ચૂકયા છે એવા મહાન સંતો ભાગવતો. તેથી ભાગવતમાં ભગવદ્ ચરિત્ર છે પણ ભક્તોના પણ ચરિત્ર છે. ભક્ત ચરિત્રથી ભગવાનના ચરિત્રનો ઉદય થાય. તમે ધ્રુવની વાત કરો પણ ભગવાનને વીસરી જાવ એ કેમ બને ? એ તો સીધો સંપર્ક થાય છે. આરંભ નમસ્કારથી થાય. નમન ભગવાન સાથે જોડે ભગવાનથી યુક્ત કરે. ભગવાનને સુમન અને નમન બહું વહાલા છે. સુમન એટલે માત્ર પુષ્પ નહિ. સુમન એટલે સુંદર મન. જે ખીલેલા પુષ્પ જેવું હોય, પુષ્પ ધર્મને પામેલું મન, ખુલ્યા વિના, ખીલ્યા વિના મહેક ન આવે. પ્રસન્નતાથી ખીલેલું સુગંધથી ખીલેલું એવું મન ભગવાનને વહાલું છે. જો મન ના રહે તો કયાં દુઃખ અને કયાં સુખ તો આનંદ આપો આપ થાય છે. આપણા તો સંસ્કાર છે નમનથી આરંભ કરીએ. વ્યાસજી એ નમન કર્યા, મંગલાચરણ કર્યા, ગતિ આવી ગતિ શીલતા આવી અને ગતિ તે પરમાત્મા નજીક લઈ જાય. વહેતું પાણી હોય તો નિર્મળ રહે તો જીવન પણ નદીની જેમ વહેતું રહે, વહેતી નદી જેવા માણસોની સંગમાં રહેજો, ઘણા લોકો બહું લહેરમાં હોય, નદી તો રાત દિવસ એની મસ્તીમાં વહેતી હોય છે. વહેતી નદીના જેવા સંતોના સાનિધ્યમાં બેસી સ્નાન કરી જ્ઞાન લઈને જઉએ. આ મંગળ છે ઉત્પતિ, સ્થિતિ અને લય જેનાં થકી થાય છે તેની ચર્ચા કરવાની છે. જેનાથી જન્મે છે, જીવે છે અને અંતે જેમાં ભળી જાય છે. તે આ બધું છે. જે સર્વત્ર છે સ્વયં પ્રકાશ છે જેમણે સંકલ્પ માત્રથી વેદોનું જ્ઞાન કરાવ્યું. માયાને-કપટને જે પોતાના પ્રકાશ દ્વારા દૂર કરે એ સત્યં પરં ધિમહિ. અમે સૌ સત્ય પરમાત્માનું ધ્યાન કરીએ છીએ. ધ્યાતા અનેક છે અને ધ્યેય એક છે. આવા અનેકો સૂર્ય છે, બ્રહ્માંડ છે. સકલ સૃષ્ટિનાં પ્રસલિતા છે. ઉત્પન્ન કરનારો સવિતા છે. આકાશનો સૂર્ય નહિ. જે પ્રકાશી છે તે દેવ અહી અમારી બુદ્ધિને પ્રેરિત કરે સત્ય, પ્રેમ તરફ શુભ તરફ પ્રકાશીત કરે. અમારી બુદ્ધિમાં અંધકાર ન આવે.

દરેક ધર્મોમાં ભાગવત્ પોતાનું લાગે. આપણે સૌ સંસારના તાપથી-પાપથી સળગીએ છીએ. એવા આપણે દગ્ધ છીએ. તેવા લોકોએ આ ભાગવત્ કથા શ્રવણ કરવી. એક-એક માણસ તપી રહ્યો છે. આ કથાથી અંદરનો તાપ શીતળ કરે ને શાંતિ મળે, શીતળતા મળે, જન્મથી શરૂ થયેલી યાત્રા પરમ શાંતિને પામે અને યાત્રા સફળ થાય એ માટે ભાગવત્ કથા છે. સંસારનો ભય નાશ કરનારો એ આ ભાગવત્ કથા છે.

વેદ કલ્પવૃક્ષ છે. ફળ વૃક્ષનો સાર છે. વળી આ ફળ કાચું નથી પરિપક્વ છે. શુક પોપટનું ચાંચ વાગી એટલે ઔર મીઠું થઈ જાય. આ ફળનું નામ ભાગવત્ છે. એને પીવાનું છે. ફળ ખવાય તો એને પીવા માટે કેમ કહ્યું કારણ રસમય છે. રસ પ્રભુમય ફળ છે. આ ફળમાં રસ હી રસ છે એ કૃષ્ણ ફળ છે. ભાગવત્ ચર્ચા સિવાય ભાગવત્‌માં બીજી ચર્ચા નથી. ફળમાં છીલ કે ગોટલો નથી. કોઈ કથા છોડવા જેવી નથી. આ કથા ગ્રાહ્ય છે. આ રસ ઘનીભૂત થઈ ગયો છે. તેથી ફળ ઉપર લટકે છે. તો અમે પહોચીયે કેવી રીતે ? રસ પીવો છે પણ ત્યાં પહોચાય એવું નથી. તો શું કરવું. તરસ છે સાવ સાચી, તરસ છે પણ પ્રયાસ પણ થઈ શકતો નથી. તો છોડો પ્રયાસ અને

પ્રાર્થના કરો. તો કોઈ દિવસ શુક ઉડશે. ત્યાં બેસશે, ચાંચ મારશે એટલે ફળમાં ઘનીભૂત રસ છે તે દ્રવીભૂત થઈને વહેશે અને એ રસ તમે પીજો. આ રસ મુખથી નહિ પણ કાનથી પીવાનો છે. પીતાં પીતાં મોહનો ક્ષય થઈ જાય અને પ્રભુમાં અનુરાગ થાય તેથી તેનું વ્યસન થશે તો તેને પીધા વગર નહિ રહી શકો, તીર્થમાં રહી સંતનો સંગ કરી જ્ઞાન લેવું અને ભગવત ભજન કરવું, ઉત્તમ શ્રોતા બનો જયાં જયાં કથા ચાલતી હોય ત્યાં હનુમાનજી પહોંચી જાય, પ્રભુ તમારા વગર જીવી નાખીશું પણ તમારી કથા વગર કેમ જીવાય ? એવા કયા પ્રેમી પરમ શ્રોતા હનુમાનજી છે. પ્રશ્ન પ્રસન્નતાથી વિનમ્રતાથી પુછાય તો વક્તા પ્રસન્ન થાય તો તેનો ઉત્તમ જવાબ આપે. ભગવાનમાં પ્રેમ કરાવે તે ઘર્મ, શ્રેય શું છે ? તો શ્રેયરૂપ માત્ર ભક્તિ છે. સાધત શુ ? તો ધર્મ છે. દાન-ધર્મ-જપ-તપ બધુ કરો પણ પ્રભુમાં પ્રેમ કરાવે તે ધર્મ. ધર્મનો હેતુ છે મોક્ષ ભગવાનમાં પ્રેમ થયો જેને રતિ થઈ તેને સંસારથી વિરક્તિ થઈ તો સંસારથી મુક્તિ થઈ. મનુષ્ય પોતાની આસક્તિને કારણે પોતે સંસારમાં બંધાય છે. સંસાર તમને થોડો પકડે છે. સંસારમાં બાંધવાની શક્તિ નથી. ભગવાનમાં રતિ થઈ તો સંસારમાં વિરક્તિ થઈ જશે. કમાવાની સાથે સાથે બીજું સામર્થ્ય હોવું જરૂરી છે. જે છોડી શકે, ત્યાગી બની શકે, મુશ્કેલી ત્યાં છે કે આ પકડાઈ જાય છે, છૂટતું નથી. જીવ આમ જન્મ મરણના ચક્રમાં ફર્યા કરે છે. ધર્મ રાખીને અર્થ કમાઈએ એ ધર્મ છે. અર્થથી ધર્મ કમાવો, ધર્મનો હેતુ મોક્ષ છે, અર્થ નહિ. અર્થનો ધર્મ હેતુ છે, કામ નહિ, કામનો હેતુ છે જીવન ચાલતું રહે, કામ અર્થ મકાન જોઈએ ભોજન જોઈએ. ધન જોઈએ આ બધુ જીવન માટે છે. જીવને તેને માટે નથી. જીવવા માટે જમવાનું છે. જમવા માટે જીવવાનું નથી. જીવન ચાલતું રહે એ કામનો હેતુ છે. જીવન શા માટે છે ? જીવન છે તત્ત્વ જાણવા માટે. એ તત્ત્વ એટલે શું ? તત્ત્વને જાણવાવાળા માટે થઈને છે. જો માયામાંથી-બંધનમાંથી છૂંટવું હોય તો પરમેનેન્ટ ન છૂટો પણ થોડા સમય માટે છૂટો. થોડા સમય માટે તીર્થમાં જાઓ ત્યાં ગંગા સ્નાન કરો, દર્શન કરે, સાધુ સંતોનો સંગ કરી સત્સંગ કરો. એવા મહાપુરૂષોના મુખથી જે કથા શ્રવણ કરો તો કથા શ્રવણ કરતાં કરતાં તમારા હૃદયમાં બેઠેલા પરમાત્મા (શ્રીકૃષ્ણ ભગવાન) સાંભળશે કયા ? તમારા હૃદયમાં પ્રવેશે અને જે ગંદકી-કચરો મેલ છે તે ધોવાઈ જશે. ભાગવત્ ગ્રંથનું સેવન થવું જોઈએ. ભજન કીર્તન થવું જોઈએ. સેવા અને સેવનથી ઉત્તમ ભક્તિ થશે. પછી એ ભક્તિ ભગવાનને વરે એ બે પુત્ર ઉત્પન્ન કરે. જ્ઞાન અને વૈરાગ્ય. સંસારના પદાર્થોમાં વૈરાગ્ય થશે અને પ્રેમ ઓળખાવે. જડ સંસારની આસક્તિને કારણે તેમાં જડતા આવી ગઈ. જ્ઞાન અગ્નિમાં બળીને બધા પાપ ખાખ થઈ જાય. બધુ જગત બ્રહ્મમય છે. ભગવાન સિવાય કશુ ખાલી નથી. પછી વેર ન થાય ન રહે તેને વંદન જ થાય.

**॥ શ્રધ્ધાંજલિ ॥**

નવા નાવડા ગામના સ્વ. લક્ષ્મણભાઈ રણછોડભાઈ મોણપરા સવંત ૨૦૭૧ મહા સુદ ૧૨ ને શનિવાર તા. ૩૧/૧/૨૦૧૫ ના રોજ માધવ ચરણ પામેલ છે. સ્વર્ગસ્થના જીવાત્માને પરમાત્મા પરમ શાંતિ આપે. સમસ્ત માધવ પરિવાર વતિ વેદરહસ્ય કમિટિ શ્રદ્ધાંજલિ અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલિ ॥**

લીંબાસી ગામના (હાલ વડોદરા ) સ્વ. રામભાઈ જીવાભાઈ પટેલ સવંત ૨૦૭૧ પોષ વદ ૬ ને રવિવાર તા. ૧૧/૧/૨૦૧૫ ના રોજ માધવ ચરણ પામેલ છે. સ્વર્ગસ્થના જીવાત્માને પરમાત્મા પરમ શાંતિ આપે. સમસ્ત માધવ પરિવાર વતિ વેદરહસ્ય કમિટિ શ્રદ્ધાંજલિ અર્પે છે.

**ગતાંકથી ચાલુ...**

પરમાત્મારૂપ થવા માટે ભગવાન શ્રી કૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં અગિયારમાં અધ્યાયનાં છેલ્લા શ્લોકમાં કહે છે કે

**મત્કર્મકૃન્મત્પરમો મદ્ભક્તઃ સઙ્ગવર્જિતઃ ।**
**નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ ॥**

ભગવાન કહે છે કે હે અર્જૂન હું તને સર્વ શાસ્ત્રનો સાર કહુ છું તે તું સાંભળ, ભગવાન શ્રી કૃષ્ણ આમાં પાંચ વસ્તુ બતાવે છે (૧) મત્કર્મકૃત (૨) મત્પરમઃ (૩) મદ્ભક્તઃ (૪) સંગવર્જિત અને (૫) નિર્વૈરઃ સર્વ ભૂતેષુ, જો આ પાંચ વસ્તુ આપડા જીવનમાં આવી જાય તો ભગવાન ખુદ કહે છે કે યઃ સ મામેતિ પાંડવ, હે અર્જુન તે મને જ પામે છે. આટલું આપણા જીવનમાં ઉતરી જાય તો બ્રહ્મરુપ થવામાં વાર લાગતી નથી, તો પહેલી વાત બતાવી. મત્કર્મકૃત = તો મત્કર્મકૃત કોને કહેવામાં આવે છે. તો તત્કર્મ કૃત તત્ એટલે પરમાત્માં આપણે જે કર્મ કરીએ છીએ તે બધા કર્મ ભગવાન માટે કરવા બોલો ભગવાન માટે થાય કે ન થાય જયારે આપણે કોઈ નોકરી કે ધંધો કરતા હતા તેમાંથી મુક્ત થઈ ગયા નિવૃત થઈ ગયા તો આપણે બીજો ધંધો ઘણીવાર કરતા હોઈએ છીએ, ત્યારે આપણને કોઈ કહે છે કે ભાઈ બહું ધંધો કર્યો હવે ભગવાનનું ભજન કરવાનો સમય છે. હવે ભગવાનનું ભજન કરો ત્યારે ઘણાં લોકો શું કહે છે કે મે તો મારું કરી લીધું છે. પરંતુ છોકરાઓ હજી નાના છે. એટલે તેના માટે કરું છું છોકરાઓ હજી બરાબર ધંધામાં લાગ્યા નથી એટલે તેના માટે મારે હજી આ કરવું પડે છે . બસ આજ રીતે જેમ આપણે છોકરાઓ માટે કર્મ કરીએ છીએ તેમ ભગવાન માટે કર્મ કરવાના છે. કર્મ તો એના એજ છે. પરંતુ તેમાં ભાવ બદલવાનો છે. તો આપણને એમ થાય કે શું ભગવાનને આપણા કર્મની જરૂર હશે ? નહીં ભગવાનને આપણા કોઈ કર્મની જરૂર નથી પરંતુ ભગવાન માટે કર્મ કરવા એટલે ભગવાનની પ્રાપ્તિ માટે કર્મ કરવાના અને કર્મ કેવા કરવાં તે પણ જાણવું જરૂરી છે. કારણ કે કર્મ છે તે બે પ્રકારનાં છે. વિહિત કર્મ અને નિષિધ કર્મ વિહિત કર્મ તેને કહેવામાં આવે છે. જે શાસ્ત્ર કહે છે. શાસ્ત્ર કહે તે પ્રમાણે કરવું તેને વિહિત કર્મ કહેવામાં આવે છે અને શાસ્ત્રની વિરુધ્ધ કર્મ કરવા તેને નિષિધ કર્મ કહેવામાં આવે છે. આને જ બીજા અર્થમાં પાપ અને પુણ્ય કહેવામાં આવે છે. ભગવાન કર્મ કરવાનાં કહે છે. તો કયા કર્મ કરવાનાં કહે છે. વિહિત કર્મ કરવાના કહે છે. જે શાસ્ત્ર કહે છે તે અને તે પણ કોઈ પણ કામના રહિત કર્મ કરવા જોઈએ બસ મારા ઉપર ભગવાન પ્રસન્ન થાય બીજી કોઈ સાંસારિક કામના નહીં અને કર્મ કર્યા વગર કોઈ એક પણ ક્ષણ રહી શકતા નથી એટલે ભગવાન શ્રી કૃષ્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં કહે છે કે,

**નહીં કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્ય કર્મકૃત ।**

એક ક્ષણ પણ કોઈ કર્મ કર્યા વગર ચાલતું નથી પરંતુ કર્મ કેવા કરવા શાસ્ત્ર વિહિત કર્મ કરવા અને તે પણ કોઈ સાંસારિક ભોગની ઈચ્છાથી નહી બસ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાય તે ભાવથી શાસ્ત્ર વિહિત કર્મ કરવાના છે. એટલે કીધું છે ને કે...

**કરવા છતા એ કર્મો બાંધેના એના ધર્મો...**

એટલે ભગવાન અર્જુન ને કહે છે કે હે અર્જૂન તું મારા માટે કર્મ કરવાવાળો થા.

ત્યાર પછી ભગવાન બીજી વાત બતાવે છે કે **મત્પરમઃ** = મત્પરમઃ એટલે પરમાત્માને જ શ્રેષ્ઠ માનવા અને ખરેખર આ સંસારમાં પરમાત્માથી બીજુ કોણ શ્રેષ્ઠ હોઈ શકે. નહીં કોઈ ન હોઈ શકે કારણ કે ભગવાન જ આ સંસારના કરતા હરતા અને ધરતા છે અને પરમાત્માના આધારે જ આ સંસાર છે. એટલે પ્રિતમદાસજી એ કીધું છે કે...

**એના આધારે સૌ રહ્યું પિંડ અને બ્રહ્માંડ,**
**સચરાચર શોભી રહ્યો**
**અવિનાશી અખંડ... સાંભળ શુધ્ધ...**

જો આપણે એકવાર પરમાત્માને પ્રાપ્ત કરી લીધા જાણી લીધા તો પછી કયારેય કોઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી કારણ કે પરમાત્મા છે. તે સમ્પૂર્ણ સંસારના માલિક છે અને જો તેને પ્રાપ્ત કરી લઈએ તો પછી બધું જ આપણું થઈ જાય છે. કારણ કે પછી આપણામાં અને પરમાત્મામાં કોઈપણ પ્રકારનો ભેદ રહેતો નથી, એટલા માટે હંમેશા પરમાત્માને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. સંસારને નહી અને સંસારનું ગમે એટલું આપણે પ્રાપ્ત કરવા મહેનત કરીશું છતા પણ તે આપણું થવાનું નથી મળવા છતા પણ આપણું થવાનું નથી કારણ કે આપણું તે નથી એટલે પ્રિતમદાસજી એ કહ્યું છે કે,

**અણછતું આપું માનીને દુઃખ પામે અપાર,**
**શ્વાન સમાન આ જીવડો**
**વહે શકટનો ભાર... સાંભળ શુધ્ધ...**

એટલે પરમાત્મા જ આપણા છે અને એજ આપણા થવાના છે.

**(ક્રમશઃ)**

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**''વાસુદેવ સર્વઈતિ''**

મારા પ્રભુ પહેલા હતા, અત્યારે છે અને હવે પછી પણ રહેશે. આ જગત પરમાત્માએ બનાવ્યું છે. પરમાત્માને કોઈએ બનાવ્યા નથી,

- કારણનું કારણ પરમાત્મા છે.
- પરમાત્મા જ નિમિત્ત કારણ છે અને એ જ ઉપાદાન કારણ પણ છે. અખિલ કારણાય....
- મારા પ્રભુ વધ-ઘટનાં વિકાર વિનાના છે.
- પ્રભુ કુટસ્થ છે. સ્થિર છે.

પરમાત્માને વૃધ્ધા અવસ્થા આવતી જ નથી.
સદાબહાર યૌવન યવસ્થામાં જ રહે છે.
પરમાત્મા સિવાયના બધા જન્મે છે અને મરે છે.
પ્રભુ અવિનાશી છે. અનંત છે. અપાર છે.
અનુપમ છે. અધ્વૈત છે. અમર છે.
પરમાત્મા સત્ય છે, ચેતન છે, આનંદરૂપ છે.
પ્રભુ સત્-ચિત્ત-આનંદ સ્વરૂપ છે.

- પ્રભુ મારા છે. ને હું પ્રભુનો છું.

ઈશ્વર અંશ જીવ અવિનાશી.
ચેતન અમલ સહજ સુખરાશી.
સુખ-સુખનો ભંડાર છે, જયાં દુઃખ લવલેશ માત્ર નથી.

- હું સુખ, દુઃખના વિકાર વિનાનો છું.
- મારો કોઈએ શોક કરવો નહીં.
- હું કોઈ કાળમાં ન હતો એવું નથી, અને એવું પણ નથી કે હવે પછી હું નહીં હોઉં.
- મારી સહજ અવસ્થા છે.
- હું કયાંય મોહિત નથી, હું સહનશીલ છું.
- ઈન્દ્રિયો સાથેના વિષયોના સંયોગો મને વ્યાકુળ નથી કરતા.
- શરીર અસત્ છે અને શરીર સત્ત છે.
- નાશરહિત તો તું તેને જાણ, જેનાથી આ સકળ જગત દ્રશ્ય વર્ગ વ્યાપ્ત છે.
- મારો વિનાશ કરવા કોઈ સમર્થ નથી.
- હું કોઈને હણતો નથી અને હું કોઈનાથી હણાતો નથી.
- હું કોઈ કાળમાં જન્મતો નથી અને મરતો પણ નથી.
- કારણ કે હું અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છું હે પુરુષ તું મને નાશરહિત, નિત્ય, અજન્મા અને અવ્યય જાણ.
- હું અવ્યક્ત, અચિંત્ય અને વિકારરહિત છું માટે હું શોક કરવા યોગ્ય નથી.
- જે જન્મે છે એ જરૂર મરે છે.
- કોઈ વિરલ મહાપુરુષ મને આશ્ચર્યની જેમ જુએ છે, કોઈ મને આશ્ચર્યની જેમ વર્ણવે છે. કોઈ અધિકારી પુરુષ જ મને આશ્ચર્યની પેઠે સાંભળે છે અને કોઈ તો સાંભળીને પણ, મને જાણતો નથી. હું સૌના શરીરોમાં હંમેશા અવધ્ય છું.
- મારી બુધ્ધિ નિશ્ચયાત્મિકા છે.
- મારે સંસાર સાથે સંબંધ વિચ્છેદ છે. હું સંસારથી અલગ છું.
- મને જન સમુદાયમાં પ્રિતી નથી, હું બહું બોલતો નથી.
- હું મૌન રહું છું, હું એકાંતપ્રિય છું, શાંત છું, સત્યપ્રિય છું.
- મને ભોગોમાં રૂચિ નથી, કર્મફળમાં આસક્તિ નથી.
- મારી બુધ્ધિમાં એક માત્ર પરમાત્મા જ છે.
- મને સ્વર્ગસુખની ઈચ્છા જ નથી થતી.

- હું આત્મા-અનાત્માના વિવેકને જાણું છું.
- ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિ અર્થે હું કોઈ ઉદ્યમ કરતો નથી. "હું કર્મયોગી છું."
- મારી કયાંય આસક્તિ નથી.
- હું નિત્યવસ્તુ પરમાત્મામાં સ્થિત છું.
- હું નિર્યોગક્ષેમ છું અને આત્મવાન્ છું.
- હું સ્વાધીન અન્તઃકરણનો છું.
- હું જિતેન્દ્રય છું.
- કર્મ ફળમાં મારી આસક્તિ નથી.
- હું ફક્ત કર્તવ્યબુધ્ધિથી જ કર્મ કરૂં છું.
- હું નવરો રહેતો જ નથી, હું આ શરીરને કર્મમાં જોડેલું જ રાખું છું.
- હું સમત્વ યોગમાં રહું છું.
- હું નિષ્કામ કર્મનું આચરણ કરૂં છું.
- મારે કર્મ બન્ધનમાં બંધાવુ નથી, કેમ કે સમબુધ્ધિથી યુક્ત જ્ઞાનીજનો કર્મોથી ઉત્પન્ન થનાર ફળનો ત્યાગ કરીને જન્મરૂપી બંધનથી મુક્ત થઈ નિર્વિકાર પરમ પદને પામે છે.
- હું ક્ષોત્રિય અને બ્રહ્મનિષ્ઠ, તત્ત્વવેતા, સદ્ગુરુ સ્વામીજી શ્રી અખંદાનંદ સાગરજીનો શિષ્ય છું. હું એમને ચાહું છું, ભજૂ છું.
- હું અધ્વૈત સંપ્રદાયમાં માનું છું.
- આ "હું" આત્મા અને આ "પરમાત્મા" એક જ છીએ.
- મારે કશું જોઈએ નહીં, મારૂં કશું નથી.
- હું જે કંઈ કર્મ કરૂં છું તેમાં સંસારનું હિત હોય.
- હું ઉદાસીનની પેઠે રહું છું.
- મને ઉત્સવોમાં, મહોત્સવોમાં રૂચિ નથી.
- હું સાદાઈમાં માનું છું.
- જરૂર પુરતું મળી રહે છે.
- હું નિત્ય સંતોષી છું અને સમજદાર છું. જે કંઈ અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિનું નિર્માણ થાય છે તે પરમાત્માનું જ વિધાન છે.


## ભાવ કિર્તન

નરશીભાઈ વી. વઘાસિયા
(પીપળીયા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

અમારા પ્રાણથી પ્યારા,
એવા ગુરૂદેવ છે મારા....
ગુરૂદેવ ત્યાગની મૂર્તિ,
ગુરૂદેવ વૈરાગ્યની વિભૂતિ...એવા ગુરૂદેવ...
ગુરૂદેવ અખંડાનંદ યોગી,
છે બ્રહ્માનંદના ભોગી... એવા ગુરૂદેવ...
ગુરૂદેવ અખંડાનંદ અવતારી,
ભક્તોને લીધા છે તારી... એવા ગુરૂદેવ...
અમારા દુર્ગુણો કાપ્યા,
જીવનમાં સદ્ગુણો સ્થાપ્યા...એવા ગુરૂદેવ...
અમારૂ અજ્ઞાન હરનારા,
અમોને જ્ઞાન દેનારા... એવા ગુરૂદેવ...
અમારી કુમતિ કાપી,
અમોને સુમતિ આપી... એવા ગુરૂદેવ...
અમારા દુઃખ હરનારા,
જીવનમાં સુખ દેનારા... એવા ગુરૂદેવ...
જગદીશાનંદમાં બિરાજી,
ભક્તોને રાખ્યા છે રાજી...એવા ગુરૂદેવ...
નરશી કહે ન્યારા,
પુરવના પૂણ્યે મળનારા...એવા ગુરૂદેવ...
અમારા પ્રાણથી પ્યારા,
અમારા પ્રાણથી પ્યારા...એવા ગુરૂદેવ...

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો આ મહિનાનો કાર્યક્રમ



- તા. ૬-૩-૨૦૧૫ સુધી ચાણોદ
- તા. ૭-૩-૨૦૧૫ થી સૌરાષ્ટ્રમાં એક મહિનો વિચરણ કરશે.
- તા. ૨૯-૩-૨૦૧૫ શ્રી માધવ ગુરુકુળ વિદ્યાનગર પધારશે.
  વિશેષ પ્રોગ્રામ માટે સંપર્ક કરો. મો. ૯૮૭૯૭ ૨૫૭૫૭

---



**પ.પૂ.સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- તા. ૨૦-૩-૧૫ થી કોલવડા (ગેરિતા) તા. વીજાપુર, જી. મહેસાણા

**શ્રીમદ્ દેવી ભાગવત નવાન્હ જ્ઞાન યજ્ઞ**

- પોથી યાત્રા સવારે ૮.૦૦ કલાકે તા. ૨૧-૩-૨૦૧૫
- કથા પ્રારંભ સવારે ૯.૩૦ કલાકે તા. ૨૧-૩-૨૦૧૫
- કથા પૂર્ણાહુતિ તા. ૨૯-૩-૨૦૧૫
- કથા સમય રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦
- નિમંત્રક :- પટેલ સોમાભાઈ પ્રહલાદભાઈ
- આયોજક :- શ્રી ચામુંડા માતા મંદિર સંસ્થા
- કથા સ્થળ :- શ્રી ચામુંડા માતા મંદિરના પટાંગણમાં મુ. કોલવાડા (ગેરિતા), તા. વીજાપુર, જી. મહેસાણા.

---

# :: સૌજન્ય ::

# સ્વ. જેરામદાદા ભરોડિયા પરિવાર, ગામ – પાલડી

# ચમારડી ગામના આંગણે મુંજાણી પરિવાર આયોજીત તૃતિય સમુહલગ્ન




વલ્લભીપુર તાલુકામાં તૃતિય સમુહલગ્ન પ્રસંગે **પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી ૬૩ નવયુગલને** આશીર્વાદ આપવા તા. ૨૭–૦૧–૨૦૧૫ના રોજ પધાર્યા હતા તેમજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ તેમજ સર્વે આમંત્રિત મહેમાનશ્રીઓ મુંજાણી પરિવારના આમંત્રણને માન આપી ઉપસ્થિત રહ્યા હતા.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**




પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીનો ૩૮મો નિર્વાણ જયંતિ મહોત્સવ ફાગણ સુદ બીજ તા. ૨૦/૦૨/૨૦૧૫ શુક્રવારના રોજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં દહાણુ ગામે(મહારાષ્ટ્ર) ઉજવાયો હતો.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-